CITY પલ્સ
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧ મે, ૨૦૨૬
ટેક્નો ટ્રેન્ડ

## સુરતીઓમાં Wow Factor બન્યા રોબોટ

# સગાઈમાં રિંગ બેરર બન્યા રોબોટ, વેલકમ ડ્રિંક્સ પણ કરે સર્વ



ન્યુ એજ ટેકનોલોજીના સમયમાં સુરત શહેરમાં હવે વિવિધ ક્ષેત્રે રોબોટ્સનો ઉપયોગ ખાસ્સો દેખાય રહ્યો છે જેમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રી, ટેકસટાઈલ ક્ષેત્રનો સમાવેશ થાય છે. તે ઉપરાંત SMC ડ્રેનેજ સફાઈ માટે, આગ ઓલવવા રોબોટનો ઉપયોગ કરી રહી છે, પણ હવે સિટીમાં સોશ્યલ ફંક્શનમાં રોબોટ લોકોમાં વાઉ ફેક્ટર (Wow Factor) બનવા લાગ્યાં છે. હવે ઘરે બર્થડેનું ફંક્શન હોય કે પછી સગાઈ પ્રસંગે રિંગ બેરર તરીકે રોબોટને હાયર કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. આ ટ્રેન્ડ નવો હોવાથી લોકોને રોબોટ સાથે સેલ્ફી લેવાની પણ મજા આવી રહી છે. સામાજિક પ્રસંગોમાં રોબોટના ઉપયોગથી પરંપરા અને આધુનિકતાનું મિશ્રણ થતું જોવા મળે છે. તો ચાલો જાણીએ આ નવા ટ્રેન્ડ વિશે.....

રોબોટને જીવંત જોવા માટે QR Code સ્કેન કરો



### રિંગ સેરેમનીમાં રિંગ બેરર તરીકે રોબોટનો ઉપયોગ

અત્યાર સુધી એવું જોવા મળ્યું છે કે, સુરતમાં સગાઈ પ્રસંગમાં વીંટી વર કન્યા પાસે સ્ટેજ પર વર કન્યાના માતા પિતા કે ભાઈ બહેન લઈ જાય અથવા કોઈ નાનું ક્યૂટ બાળક પણ આવી રિંગ લઈને આવે. પછી એવો ટ્રેન્ડ આવ્યો કે, ઘરનું પેટ ખાસ તો એકદમ સુંદર રીતે સજાવેલું ડોગી તેના મોઢામાં રિંગ લઈને આવે. હવે રિંગ સેરેમનીમાં પણ ટેકનોલોજીનો ઉપયોગ સુરતમાં શરૂ થયો છે. એક ડૉક્ટર્સ કપલની રિંગ સેરેમનીમાં રિંગ બેરર તરીકે રોબોટનો ઉપયોગ કરાયો હતો. તેને સ્ટેજ સુધી કઈ રીતે પહોંચવાનું છે તેનું ડાયરેક્શન રિમોટ કન્ટ્રોલ દ્વારા અપાય છે. હાઈ ટેક રિંગ બેરર એવા રોબોટના હાથમાં દુલ્હા-દુલ્હનની રિંગ અને ફલાવર બુકેની ટ્રે અપાય છે. તે આગવી શૈલીમાં સ્ટેજ સુધી રિંગ લઈને પહોંચે તેનું આકર્ષણ અને આશ્ચર્ય મહેમાનોમાં રહે છે. સગાઈના બંધનમાં બંધાતા કપલની આ સેરેમની પણ યાદગાર બની જાય છે.

### રોબોટની બ્લુ લાઈટવાળી બ્લિન્ક થતી આંખો જોઈને બાળક રડતો ચૂપ થાય છે

સોશ્યલ ફંકશનમાં ઉપયોગમાં લેવાતો રોબોટ સાડા પાંચ ફૂટની હાઈટનો હોય છે અને તેની બોડી વ્હાઈટ હોય છે. જોકે ફંક્શન પ્રમાણે તેને ડેકોરેટ કરાય છે. જેમકે, ફિમેલ્સ માટેની દોડનું આયોજન થયું હતું ત્યારે પર્પલ થીમ પર રોબોટનું સ્ટીકરિંગ કરાયું હતું. રોબોટની આંખમાં બ્લુ કલરની લાઈટ ઝબકતી જોઈને રડતું બાળક ચૂપ થઈ જાય છે. સુરતી બાળકોમાં તે એટલું લોકપ્રિય બન્યું છે કે બાળકો રોબોટ પાછળ દોડતા પણ હોય છે અને ખુશ થતા હોય છે. રોબોટ બાળકોને બલૂન પણ આપે છે એટલે પણ બાળકો રોબોટથી અટ્રેક્ટ થાય છે.





### રોબોટ સાથે સેલ્ફી પડાવવાની મજા

સુરતમાં ખૂબ ઓછી જગ્યાઓ પર રોબોટનો ઉપયોગ થઈ રહ્યો છે એટલે સોશ્યલ ફંક્શનમાં જ્યારે રોબોટને હાયર કરાય ત્યારે બાળકોને તો મજા પડી જાય છે સાથે મોટી એજના લોકોમાં પણ રોબોટ આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. સુરતમાં બર્થડે પાર્ટીમાં હાથમાં બલૂન પકડેલા રોબોટ સાથે સેલ્ફી પડાવવા બાળકોમાં ખેંચતાણ થાય છે. બાળકો મસ્તી કરતા હોય તેવા પોઝમાં રોબોટ સાથે ફોટો પડાવે છે. તો સુરતની મહિલાઓ માટે એક દોડની ઈવેન્ટનું આયોજન થયું હતું તેમાં પણ યુવતીઓએ રોબોટ સાથે સેલ્ફી લેવાની તથા ફોટા પડાવવાની મજા લીધી હતી.

### રોબોટ દ્વારા બર્થડે પાર્ટીમાં ગેસ્ટનું સ્વાગત શરબતથી કરવાનો ટ્રેન્ડ

સુરત સિટીમાં બાળકોની બર્થડે પાર્ટીમાં હવે રોબોર્ટ આકર્ષણનું કેન્દ્ર બનવા લાગ્યાં છે. સામાન્ય રીતે એવું જોવા મળતું હોય છે કે, બર્થડે પાર્ટીના હોસ્ટ અતિથિ દેવોની ભાવના સાથે મહેમાનોનું સ્વાગત કરે છે, પણ હવે બર્થડે પાર્ટીમાં રોબોર્ટ આ જવાબદારી નિભાવવા લાગ્યાં છે. બર્થડે પાર્ટી માટે રોબોટને હાયર કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. રોબોર્ટના હાથમાં ટ્રે હોય છે જેમાં પાણીની બોટલ અને જ્યુસ કે શરબતની બોટલ હોય છે. મહેમાન જેમ પાર્ટી હોલમાં પ્રવેશ કરે એટલે તરત જ પાણી અને શરબત મહેમાનોને સર્વ કરી તેમનું સ્વાગત રોબોટ કરે છે. વળી, રિટર્ન ગીફ્ટથી મહેમાનોને ખુશ કરવાનું કામ પણ રોબોટ કરવા લાગ્યાં છે. તે પેરેન્ટ્સની સાથે મહેમાનોને આપવાની રિટર્ન ગીફ્ટની ટ્રે લઈને ફરે છે. પેરેન્ટ્સ રોબોટના હાથમાની ટ્રેમાંથી ગીફ્ટ લઈને ગેસ્ટને આપે છે.



### ક્યા ફંક્શન માટે થઈ રહી છે ડિમાન્ડ

લગ્ન ફંક્શનમાં જાનૈયાઓના સ્વાગત વેળા દુલ્હાનું ફૂલોની માળાથી સ્વાગત કરવા ફૂલોની માળા રોબોટ લઈને ઉભો રહે તે માટે તેની ડિમાન્ડ થઈ રહી છે. ફંક્શનમાં ડિનર હોય ત્યારે રોબોટ થકી શું મેનુ છે તેની જાણ ગેસ્ટને કરવા રોબોટની ડિમાન્ડ થઈ રહી છે. આમાં રોબોટ પર LED સ્ક્રીન હોય જેમાં મેનુ ડિસ્પ્લે થાય. નાના બાળકોની બર્થ ડે પાર્ટીમાં તેની ડિમાન્ડ ઘણી થઈ રહી છે.

### સોશ્યલ ફંક્શનને અટ્રેકટિવ બનાવે રોબોટ





ઈવેન્ટ પ્લાનર સૃષ્ટિ ભગત અને પ્રકાશ હાથીએ જણાવ્યું કે, સુરતીઓને હમેશા બીજાથી અલગ કરવું હોય. લોકો આકર્ષિત થઈ જાય તેવું નવું કરવામાં સુરતીઓ હમેશા અગ્રેસર રહ્યાં છે. ગેસ્ટને તે જોઈને કુતુહલ થાય અને હોસ્ટે પણ કાંઈક નવું કર્યું હોવાનું લાગે એટલે વિવિધ પ્રસંગે રોબોટનો ઉપયોગ સુરતીઓ છેલ્લાં થોડાંક સમયથી કરી રહ્યાં છે. લોકોને રોબોટમાં પણ મેડ ઈન ઈન્ડિયાની ઝલક જોઈએ એટલે દિલ્હીમાં બનાવેલા રોબોટ સુરતની પાર્ટીઝની રોનક વધારવા લાગ્યા છે. આગામી સમયમાં મહેમાનોના નામ ઉચ્ચારીને સ્વાગત કરતા રોબોટ સુરતમાં લાવવાની તૈયારી ચાલી રહી છે.


### સુરતમાં કોંફરન્સમાં મોમેન્ટો આપવાનું કામ પણ હવે રોબોટ કરવા લાગ્યાં

હમણાં જ સુરતમાં સોલાર વિષય પરની એક કોંફરન્સ આયોજિત થઈ હતી. તેમાં હાઈ ટેકનોલોજી અંતર્ગત રોબોટનો ઉપયોગ ગેસ્ટનું મોમેન્ટોથી સમ્માન કરવા કરાયો હતો. રોબોટ સ્ટેજ પર બેથી ત્રણ મોમેન્ટો રાખવામાં આવેલી ટ્રે લઈને આવે. સમ્માન કરનાર વ્યક્તિ તે ટ્રેમાંથી મોમેન્ટો લઈ ગેસ્ટનું સમ્માન કરે. ટ્રેમાં રાખવામાં આવેલા મોમેન્ટો ખલાસ થાય એટલે ફરી બીજા મોમેન્ટો રોબોટના ટ્રેમાં સજાવાય. કમ્પનીઓ પોતાની ઈવેન્ટમાં રોબોટનો આ રીતે ઉપયોગ કરી અન્ય કમ્પનીના ડેલીગેટ્સમાં આકર્ષણ ઉભું કરવા લાગી છે.

# સુરતના નામી ચિત્રકારે પોતાના પેઈન્ટિંગ્સથી સજાવ્યું ઘર

નટુભાઈ ટંડેલ સુરતના એક એવા નામી ચિત્રકાર છે કે જેમની કળાની કદર કરીને ગુજરાત રાજ્ય લલિત કલા એકેડમીએ તેમને બબ્બેવાર એવોર્ડથી સમ્માનિત કર્યા છે. તેમની કળાની એક ખાસિયત એટલે તેઓ દેશભરના અલગ અલગ સ્થળો પર જઈને ત્યાં જેવું દ્રશ્ય દેખાય તેને કેનવાસ પર આબેહૂબ ઉતારે છે. એ રીતે ચિત્ર દોરે અને રંગ ભરે કે ચિત્ર દોરતી વખતે ત્યાં કેવું વાતાવરણ હતું તે પેઈન્ટિંગ્સ જોનારને ફિલ થતું હોય છે. દેશભરની નામાંકિત જગ્યાઓ પર પહોંચીને માત્ર બે જ કલાકમાં વોટર કલરમાં પેઈન્ટિંગ્સ બનાવવામાં માસ્ટર એવા નટુભાઈએ તેમના બનાવેલા 100થી વધુ પેઈન્ટિંગ્સનો સંગ્રહ કરી રાખ્યો છે. તેમને પોતાના ઘરને પોતાના પેઈન્ટિંગ્સથી એ રીતે સજાવ્યું છે કે કોઈને પણ તેમના ઘરમાં પગ મુક્તા જ ખ્યાલ આવી જાય કે આ ઘર કળાના પૂજારીનું છે. ચાલો આપણે સુરતના નામી ચિત્રકાર નટુભાઈ ટંડેલને મળી તેમના બનાવેલા ચિત્રોના ખજાના વિશે અને તેઓને પેઈન્ટિંગનો શોખ કેમ છે તે પણ જાણીએ...

CREATIVE માઈન્ડ્સ



### મણિકર્ણીકા ઘાટ, વડનગરનું તોરણ સહિતના આ છે તેમના પેઇન્ટિંગ્સ

વારાણસીનું પ્રખ્યાત સ્મશાન ઘાટ એવું મણિકર્ણીકા ઘાટ, વડનગરનું તોરણ, જુનાગઢનું ગિરનાર કુંડ, ઉત્તરાખંડનું ઓલ્ડ મનાલી, ધંધુકા શહેરની શેરી, આબુ, નાસિકનું રામઘાટ, જામનગરનું દરબાર ગઢ, કુંભમેળા, જામનગરનો ક્લોક ટાવર, કેનેડાનો નાઈગ્રા ધોધ, પ્રખ્યાત મંદિરો, મહેલ, પાણીમાં ઘરનું પડતું પ્રતિબિંબ આ પેઈન્ટિંગ્સ તેમણે એક વર્ષમાં બનાવી તેનું અનોખું કલેક્શન ઘરમાં કર્યું છે.



### ગુજરાત રાજ્ય લલિતકલા એવોર્ડથી થયા સમ્માનિત

ચિત્રકાર નટુભાઈએ સુરત સ્માર્ટ સીટીનો લોગો બનાવ્યો છે. તેમને ગુજરાત રાજ્ય કલા એકેડમી દ્વારા બે વખત એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા છે. પેઇન્ટિંગમાં તથા પ્રિન્ટ મેકિંગમાં ગ્રાફીક ક્ષેત્રમાં તેમને એવોર્ડ પ્રાપ્ત થયા છે. સુરતની કલા પ્રતિષ્ઠાન સંસ્થાના ટ્રસ્ટી એવા નટુભાઈ ટંડેલે 17 બાય 22 નાનામાં નાની સાઈઝ તો 7 ફૂટ બાય 4 ફૂટના મોટામાં મોટી સાઈઝના પેઇન્ટિંગ્સ બનાવ્યા છે.

### પોતાના બનાવેલા 100થી વધુ પેઈન્ટિંગ્સનું અનોખું કલેક્શન

નટુભાઈ અને તેમના સાથી ચિત્રકાર મિત્રો વર્ષમાં બે વખત દેશના અલગ અલગ સ્થળો પર કળા ભ્રમણ કરે છે. તેમણે એક્રેલીક કલર અને વોટર કલરમાં પેઈન્ટિંગ્સ બનાવ્યા છે. તેઓ પેઈન્ટિંગ્સમાં કોઈ શહેરની સાંકળી ગલીમાં લોકોની થઈ રહેલી અવરજવર, હલચલને કેન્વાસ પર પીંછીથી ઉતારે છે. દેશભરમાં કેરાલા, મનાલી, સાપુતારા, ડાંગ, કાશી વિશ્વનાથ વારાણસી, વડનગર, વડતાલ, પોરબંદર, આબુ, જામનગર જઈને તેમણે આ પેઈન્ટિંગ્સ બનાવ્યા છે જે તેમના ઘરમાં સાચવી રાખ્યા છે.

### સ્કૂલમાં એક્ટિવિટી ચાર્ટ દોરવાનું, સુવિચાર સાથે નાનું ચિત્ર બનાવવાનું કામ સોંપાતું



ચિત્રકાર નટુભાઈ ટંડેલે જણાવ્યું કે કળાકાર બનતા નથી પણ જન્મથી હોય છે. હું અમલસાડની ભાટ સ્કૂલમાં હતો ત્યારે હું સારું ચિત્ર દોરતો હોવાની સ્કૂલમાં ખબર પડતાં મારી પાસે રોજ બરોજ સ્કૂલમાં થતી એક્ટિવિટીના ચાર્ટ બનાવવાનું અને બ્લેકબોર્ડ પર સુવિચાર સાથે નાનકડું ચિત્ર દોરવાનું કહેવાતું. મારી કળાને પાંખ મળે તે માટે મેં ડિપ્લોમા ઈન અપ્લાઈડ આર્ટ્સનો 5 વર્ષનો કોર્સ કર્યો ત્યારબાદ 1994માં સુરત આવીને વસ્યો તે સાથે મારી કળા ખીલતી ગઈ. મેં બનાવેલા પેઈન્ટિંગ્સનું પ્રદર્શન પણ આયોજિત થાય છે.

દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧ મે, ૨૦૨૬

# ‘સુપર અલ નીનો’ની આગાહી ખૂબ ચિંતાજનક છે

એપ્રિલ મહિનામાં દેશમાં, ખાસ કરીને ઉત્તર ભારતમાં કાળઝાળ ગરમી પડી છે અને હજી તો આખો મે મહિનો બાકી છે. આમ પણ ચાલુ વર્ષ 2026 માટે ક્લાયમેટ મોડલ્સ સતત ચિંતાજનક સંકેતો આપી રહ્યા છે. વૈજ્ઞાનિકો દરેક અપડેટ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે કારણ કે એક વિનાશક ‘મેગા અલ નીનો’ની આશંકા વધુ ઘેરી બની રહી છે. શરૂઆતી અંદાજ મુજબ આવો સખત અલ-નીનો સર્જાઇ શકે છે. આ બાબત આજથી દોઢસો વર્ષ પહેલાં 1877-78ના એ ભયાનક સમયગાળાની યાદ અપાવી રહી છે, જેને ઇતિહાસની સૌથી ઘાતક આબોહવા સંબંધી ઘટનાઓમાંથી એક માનવામાં આવે છે. પ્રશાંત મહાસાગર પર અભ્યાસ કરી રહેલા સંશોધકોનું કહેવું છે કે સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જે અલ નીનો વિકસિત થવાનો મુખ્ય સંકેત છે. જો વર્તમાન વલણ ચાલુ રહેશે, તો 2026માં એક ‘સુપર અલ નીનો’ આકાર લઈ શકે છે. અલ-નીનો એ પ્રશાંત અથવા પેસેફિક મહાસાગરના પાણી ગરમી થવાની પ્રાકૃતિક ઘટના છે જેને કારણે ભારત સહિતના કેટલાક દેશોમાં વરસાદ ઓછો પડે છે. પરંતુ આ વખતે વધુ ચિંતાજનક બાબત એ છે કે આ વખતે એક સુપર અલ-નીનો કે મેગા અલ-નીનો આકાર લઇ શકે છે. અને સ્વાભાવિક રીતે જ આ મોટા અલ-નીનો પરિબળને કારણે તેની અસર પણ વધુ તીવ્ર રહી શકે છે અને વરસાદ વધુ પડતો ઓછો પડે તેવી શક્યતા રહે છે.

આમ પણ માણસે કરેલા બેફામ પ્રદૂષણને કારણે ગ્લોબલ વોર્મિંગ અને વૈશ્વિક આબોહવા પરિવર્તનને કારણે હવામાનને લગતી હોનારતો વધી ગઇ છે. પૃથ્વીનું તાપમાન ઘણુ વધી ગયું છે તેમાં આ સુપર અલ-નીનોની આગાહી આવી ગઇ છે. આબોહવા પરિવર્તન સાથે મળીને આ ઘટના 2027 સુધીમાં વૈશ્વિક તાપમાનને નવા રેકોર્ડ સ્તરે પહોંચાડી શકે છે. આજથી લગભગ 150 વર્ષ પહેલાં આવેલા એ સુપર અલ નીનોએ વિશ્વના મોટા ભાગમાં ભીષણ લૂ, લાંબો દુષ્કાળ પેદા કર્યો હતો. આંકડાઓ અનુસાર, તે દરમિયાન તત્કાલીન વૈશ્વિક વસ્તીના લગભગ 4 ટકા લોકોના મોત થયા હતા, જેના કારણે કરોડોની વસ્તીનો સફાયો થઈ ગયો હતો. વૈજ્ઞાનિકોને એ વાતની ચિંતા સતાવી રહી છે કે શું 2026માં ઇતિહાસ ફરી પોતાનું પુનરાવર્તન કરવા જઈ રહ્યો છે? આ દરમ્યાન વિશ્વ હવામાન સંસ્થા(WMO)એ ચેતવણી આપી છે કે મે થી જુલાઈની વચ્ચે અલ નીનોની સ્થિતિ વિકસી શકે છે, જેના કારણે ભારત સહિત દક્ષિણ એશિયાના હવામાન પર મોટી અસર પડશે. અગાઉ એવો અંદાજ હતો કે આ સ્થિતિ ચોમાસાના બીજા ભાગમાં (ઓગસ્ટ-સપ્ટેમ્બર) બનશે, પરંતુ હવે તે વહેલી આવવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

અલ નીનો એ એક એવી આબોહવાકીય સ્થિતિ છે, જે દર 2 થી 7 વર્ષમાં એકવાર આવે છે અને લગભગ 9 થી 12 મહિના સુધી રહે છે. તેના કારણે વિશ્વના અલગ-અલગ ભાગોમાં તાપમાન અને વરસાદની પેટર્ન બદલાઈ જાય છે અને સામાન્ય રીતે વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે. ભારતના હવામાન વિભાગે આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ થવાનો અંદાજ અગાઉથી જ વ્યક્ત કર્યો છે. WMO અનુસાર, વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે, જે આગામી મહિનામાં એલ નીનોની સ્થિતિ બનવાના સંકેત આપી રહ્યું છે. સંસ્થાએ જણાવ્યું છે કે મે-જૂન-જુલાઈ દરમિયાન જમીનનું તાપમાન સામાન્ય કરતા વધારે રહેવાની શક્યતા છે, એટલે કે લગભગ દરેક જગ્યાએ વધુ ગરમી પડી શકે છે. વિશ્વ હવામાન સંસ્થા કહે છે કે કૃષિ, જળ વ્યવસ્થાપન, ઉર્જા અને આરોગ્ય જેવા ક્ષેત્રો માટે હવામાનની આવી આગાહીઓ અત્યંત જરૂરી છે, જેથી સમયસર તૈયારીઓ કરી શકાય. WMO ના ક્લાઈમેટ ફોરકાસ્ટ ચીફ વિલફ્રાન મૌફુમા ઓકિયાએ જણાવ્યું હતું કે વર્ષની શરૂઆતમાં સ્થિતિ તટસ્થ હતી, પરંતુ હવે તમામ મોડેલો એલ નીનો બનવાની પુષ્ટિ કરી રહ્યા છે અને આગામી મહિનાઓમાં તે વધુ મજબૂત થવાની સંભાવના છે. વરસાદ ઓછો થવાની આગાહી છે ત્યારે એક બીજા પણ ચિંતાજનક અહેવાલ છે. અહેવાલ મુજબ, હિંદુ કુશ હિમાલય ક્ષેત્રમાં આ વર્ષે બરફનું પ્રમાણ સામાન્ય કરતા 27.8% ઓછું રહ્યું છે, જે છેલ્લા 20 વર્ષોમાં સૌથી ઓછું છે. આનાથી નદીઓના પાણીના પ્રમાણ પર અસર પડી શકે છે અને લગભગ 2 અબજ લોકોની જળ સુરક્ષા માટે ખતરો ઊભો થઈ શકે છે. સામાન્ય રીતે એલ નીનો દરમિયાન ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ભારતના કેટલાક ભાગોમાં ઓછો વરસાદ કે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાય છે, જ્યારે દક્ષિણ અમેરિકા, અમેરિકાના દક્ષિણ ભાગો, આફ્રિકાના કેટલાક વિસ્તારો અને મધ્ય એશિયામાં વધુ વરસાદ જોવા મળે છે. ભારતમાં વરસાદ ખૂબ ઓછો પડે તો સિંચાઇ પર આધારિત ખેતી પર મોટી અસર થઇ શકે છે અને કેટલાક ભાગોમાં દુકાળની પણ સ્થિતિ સર્જાઇ શકે છે. સરકારે આ માટે અત્યારથી જ તૈયારી રાખવી જોઇએ. આમ પણ ઇરાન યુદ્ધથી દુનિયાભરમાં આર્થિક તકલીફો સર્જાઇ છે તેમાં આ સુપર અલ-નીનો ભારત સહિતના કેટલાક દેશોમાં સ્થિતિ ઓર બગાડી શકે છે.

## ખુશ રેહવા માટે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક સરસ વાત એક મોટીવેશનલ સેમિનારમાં કરવામાં આવી.પ્રશ્ન હતો કે જીવનમાં ખુશ રહેવા માટે શું કરવું જોઈએ? અને સાથે શરત હતી કે પૈસા કે સફળતા કે કોઈ ભૌતિક વસ્તુઓ ગાડી ,બંગલા જેવા જવાબ આપવા નહિ.

સ્પીકરે પ્રશ્ન પૂછ્યો શરત કહી અને સાથે સાથે કહ્યું બધાએ જવાબ આપવો જરૂરી છે અને પછી એક પછી એક શ્રોતાજનોના હાથમાં માઈક ફરવા લાગ્યું.અને જે જુદા જુદા જવાબ મળ્યા તે જાણવા જેવા અને જીવનને ખુશહાલ બનાવવા જીવનમાં ઉતારવા જેવા છે.ચાલો જાણીએ ખુશ રહેવા માટે શું કરવું ??

પહેલો જવાબ હતો કે જીવનમાં આંકડાઓને બહુ મહત્વ આપવું નહિ; પછી તે ઉંમર હોય કે વજન હોય કે પછી ઊંચાઈ....તે માત્ર આંકડા છે અને ડોક્ટર પૂછે ત્યારે જણવા અને ચિંતા ડોક્ટર પર જ છોડી દેવી.

બીજો જવાબ-- હંમેશા હસતા હસાવતા મિત્રોની સાથે રહો અને નિરાશાવાદી દુઃખી મિત્રોથી દુર રહો તેઓ તમને પણ આગળ વધતા અને ખુશ રહેતા અટકાવશે.

ત્રીજો જવાબ–કંઇક ને કંઇક નવું શીખતા રહો. તમે ન જનતા હો તેવા વિષય વિષે વધુ જાણો. કમ્પ્યુટર, ક્રાફ્ટ,પેન્ટિંગ,ગાર્ડનીંગ જે ગમતું હોય તે શીખો.મગજને હંમેશા કામ કરતુ રાખો.

ચોથો જવાબ-નાની નાની સાદી વસ્તુઓ અને પ્રસંગોનો આનંદ લેતાં રહો.

પાંચમો જવાબ-હસતા રહો ,મોટેથી હસો,પેટ દુઃખી જાય ત્યાં સુધી હસો.

છઠ્ઠો જવાબ -જીવનમાં દુઃખ આવે તો આંસુ સારી લો અને આગળ વધી જાવ

સાતમો જવાબ -જાતને પ્રેમ કરતા શીખો.તમે પોતે જ એક એવી વ્યક્તિ છો જે જીવનમાં છેવટ સુધી પોતાને સાથ આપશો.જીવનના અંત સુધી જીવંત રહો.

આઠમો જવાબ - સ્વસ્થ રહો,કસરત કરો અને સ્વાસ્થ્યની કાળજી રાખો.

નવમો જવાબ - દરેક વખતે પોતાની જાત પર દોષનો ટોપલો ન ઓઢો.

દસમો જવાબ -જેને પ્રેમ કરો છો તે બધાની સાથે રહો અને તેમને જણાવતા રહો કે તમે તેમને પ્રેમ કરો છો.

અગિયારમો જવાબ-જીવનની એક એક ઘડીમાં ખુશી ભરીને જીવતા શીખો.

બારમો જવાબ -તમને ગમતી વસ્તુઓ અને વ્યક્તિઓ ની સાથે રહો.મનગમતા સ્વજનો સાથે મજા કરો અને મનગમતું સંગીત સાંભળો,પાળેલા પ્રાણી સાથે રમો,નાચો,ગાઓ જે ગમે તે કરો અને અજ્ઞદમાં રહો.

આવા તો ઘણા જવાબ મળ્યા,ઉપર જણાવેલા કોઈપણ જવાબમાં એવી કોઈ અઘરી વાત નથી કે જે આપણે ન કરી શકીએ અને હા, જો કરીએ તો ખુશી ચોક્કસ મળશે. જીવન જીવવા માટે છે...ખુશીથી જીવવા માટે છે ...માટે જીવનની દરેક પળને આનંદથી ભરી દો...કોઈપણ વાતની ચિંતા ન કરો...અને બધી વાત માટે પ્રાર્થના ચોક્કસ કરો.

# આંતરરાષ્ટ્રીય મજૂર દિવસે વર્તમાન સંઘર્ષની વાત

## કહેવાની વાત

નેહા શાહ

**કાયદા બદલાય છે, પણ તેમાં રહેલી છટકબારી હંમેશા માલિકને ફાયદો કરાવી આપે છે અને શ્રમિકોના ભાગે રહે છે રોટી, કપડાં ઓર મકાન માટેનો રોજિંદો સંઘર્ષ**

આજે પહેલી મે એટલે કે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ. આ દિવસ છે શ્રમિકોના હકો અંગે વાત કરવાનો, સરકાર સમક્ષ તેમની માંગણીઓ રજૂ કરવાનો અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનો. વર્તમાન સમયમાં જ્યારે દેશના અનેક ભાગમાં, ખાસ કરીને રાજધાનીની આજુબાજુના પ્રદેશોની ઔદ્યોગિક વસાહતોમાં શ્રમિકો પાછલા બે-ત્રણ મહિનાઓથી પોતાના હકો માટે સંઘર્ષ કરી રહ્યા હોય ત્યારે આજના દિવસે તેમની વાત કરવી અત્યંત જરૂરી બને છે.

2026ની શરૂઆતથી જ દેશનાં વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાં શ્રમિક અસંતોષ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યો છે. ફેબ્રુઆરી અને માર્ચ દરમિયાન ખાનગી તેમજ જાહેર ક્ષેત્રની મોટી કંપનીઓમાં વિરોધ પ્રદર્શનોએ જોર પકડ્યું. હરિયાણાના પાણિપતમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના પ્લાન્ટમાં ફેબ્રુઆરી મહિનામાં એક અકસ્માતમાં ત્રણ મજૂરો ગંભીરરીતે ઘવાયા અને એકનું મૃત્યુ થયું. મેનેજમેન્ટ તરફથી મદદ પહોંચાડવામાં થયેલ ઉદાસીન વિલંબને કારણે એક વોટ્સએપ સંદેશના આધારે આઈ.ઓ.સી.માં કામ બંધ થઈ ગયું. છ દિવસ સુધી ત્રીસ હજાર જેટલાં શ્રમિકો ફેક્ટરીના દરવાજા પર બેસીને ધરણાં કર્યાં. પ્રશ્ન માત્ર આ અકસ્માતનો નહોતો. ઘણા લાંબા સમયથી શ્રમિકોની અનેક માંગ સામે આંખ આડા કાન થઈ રહ્યા હતા. અજંપો હતો કારણ કે તેમની માંગ પાયાની હતી કામના કલાક 12માંથી ઘટાડીને 8 કરવા, કાર્યસ્થળની સુરક્ષા વધારવી, કામના નજીકના સ્થળે ટોઈલેટ અને પીવાના પાણીની વ્યવસ્થા કરવી, સમય પર પગાર આપવો અને વેતનમાં વધારો જે વધતી મોંઘવારી સાથે વર્ષોથી વધ્યો નહોતો. બધી માંગ શ્રમિકોના મૂળભૂત અધિકારોની છે અને એક પણ માંગ ગેરવ્યાજબી ગણી શકાય એમ નથી. ઓડિશા અને ઝારખંડમાં ટાટા પાવરના પ્લાન્ટોમાં પણ ન્યૂનતમ વેતન, સામાજિક સુરક્ષા અને અયોગ્ય છટણીના વિરોધમાં આંદોલનો થયાં. સુરત-હજીરાના લાર્સન એન્ડ ટોબ્રોના પ્લાન્ટમાં પણ કામના સ્થળની સુરક્ષા અને વેતનમાં યોગ્ય વધારાની માંગ સાથે શ્રમિકોએ વિરોધ પ્રદર્શન કર્યાં. આ સમયગાળામાં જ જિંદલ સ્ટીલ, આદિત્ય બિરલા ગ્રુપ અને વેદાંતા ગ્રુપ જેવી મોટા કદની ખાનગી કંપનીઓ તેમજ એન.ટી.પી.સી, વેસ્ટર્ન કોલફિલ્ડ્સ અને ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ જેવી જાહેર ક્ષેત્રની કંપનીઓમાં પણ કામદારો દ્વારા વિરોધ પ્રદર્શન નોંધાયાં. આ તમામ આંદોલનોમાં એક સામાન્ય માંગ છે, આઠ કલાકના કામ દિવસનો અમલ, ઓવરટાઈમ માટે યોગ્ય વળતર, નિયમિત વેતન ચુકવણી અને સામાજિક સુરક્ષાની સુવિધાઓ - જેની કાયદામાં જોગવાઈ છે પણ મળતી નથી. મોટા ભાગનાં કામદારો કોન્ટ્રાકટ પર કામ કરે છે એટલે એમને કાયદાનું રક્ષણ મળતું નથી. માર્ચના અંત અને એપ્રિલમાં આ અસંતોષ વધુ વ્યાપક બન્યો. ભારેલા અગ્નિ પર ઈરાન પરના યુધ્ધે આગ ચાંપવાનું કામ કર્યું. રાંધણ ગેસની અછત અને પરિણામે વધેલા ભાવે જીવન દુષ્કર કર્યું ત્યારે ગુરુગ્રામ-માણેસર ઔદ્યોગિક પટ્ટામાં કામદારોએ હડતાલો શરૂ કરી, જે થોડા જ સમયમાં ફરીદાબાદ અને ત્યાર બાદ નોઈડા સુધી ફેલાઈ ગઈ. આ વિસ્તારોમાં કામદારોની મોટી સંખ્યાએ ગેટ સામે વિરોધ પ્રદર્શન, રેલીઓ અને કામબંધ જેવાં પગલાં લીધાં. પથ્થરમારા અને આગચંપી જેવી હિંસા પણ થઈ. કામદારો જ્યારે પોતાના હકની માંગ કરે ત્યારે રાજ્ય પ્રશાસનની પહેલી પ્રતિક્રિયા હંમેશાથી દમનની રહી છે. એવું જ આ વખતે પણ થયું. ગુરુગ્રામ, ફરીદાબાદ અને નોઈડા જેવા વિસ્તારોમાં પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓ પર કડક પગલાં લેવામાં આવ્યાં. ઘણી જગ્યાએ ધરણાંઓને બળપૂર્વક ખસેડવામાં આવ્યા, રસ્તાઓ પર ભેગા થયેલાં કામદારોને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો અને કેટલાંક સ્થળોએ ધરપકડો પણ કરવામાં આવી. યોગી આદિત્યનાથે તો આ આંદોલનોમાં ‘નકસલવાદી પ્રભાવ’ હોવાનો સંકેત આપ્યો, જેના આધારે પ્રશાસને વધુ કડક કાર્યવાહી હાથ ધરી.

જરા વિચારો, દિલ્હી - એન.સી.આર. વિસ્તારમાં ઘણાં કામદારો મહિને માત્ર 10,000 થી 15,000 કમાય છે. સામે જીવનનિર્વાહનો ખર્ચ સતત વધી રહ્યો છે. ખાદ્ય પદાર્થો, ભાડું અને રાંધણ ગેસના વધતા ખર્ચને આ આવકમાં કેમનું પહોંચી વળાય? શ્રમિકોનું વેતન તો વર્ષોથી લગભગ બદલાયું જ નથી! ભારતની લોકશાહીને 79 વર્ષે, પણ દેશના મજૂરનો સંઘર્ષ હજુ પાયાની સવલતો માટે જ છે. અત્રે એ પણ નોંધીએ કે આ બધા વિરોધ-પ્રદર્શન લગભગ સ્વયંભૂ હતાં, કોઈ મોટા ટ્રેડ યુનિયન આયોજિત નહોતાં. એટલે એનાં મૂળિયાં યુનિયન પોલીટીક્સના દાવપેચમાં નહીં પણ ગળે આવેલી હાલાકીમાં છે. કાયદા બદલાય છે, પણ તેમાં રહેલી છટકબારી હંમેશા માલિકને ફાયદો કરાવી આપે છે અને શ્રમિકોના ભાગે રહે છે રોટી, કપડાં ઓર મકાન માટેનો રોજિંદો સંઘર્ષ. આજે, મજૂર દિવસે વ્યવસ્થા સામે હકનો સંઘર્ષ કરી રહેલાં સૌ શ્રમિકોને સલામ. અર્થતંત્રનાં પૈડાં ફરતાં રાખવામાં એમના પરસેવાનું બહુ મોટું યોગદાન છે. તેમનું નીચું વેતન વિદેશી મૂડીને ભારત લાવે છે તેમજ ગ્રાહકોની ચીજ વસ્તુ સસ્તી બનાવે છે. એક રીતે જોવા જઈએ તો તેઓ આખા સમાજને સબસીડી આપે છે. તેમના સંઘર્ષમાં ‘નકસલવાદ’ પ્રેરિત ‘ષડ્યંત્ર’ શોધવાને બદલે અજંપાને આક્રોશમાં બદલતી શોષણયુક્ત વ્યવસ્થાને સમજવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# એકવીસમી સદીની ચૂંટણીઓ ઓગણીસમી સદીના નીતિ-નિયમોથી કરવી જરૂરી છે?

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**છેલ્લા ઘણા સમયથી ચૂંટણીમાં કામ કરવું એ કંઈક અલગ અનુભવ આપે છે. ઘણાનાં ચૂંટણી કામગીરીમાં નામ આવે ત્યાં જ નામ કઢાવવા માટે પ્રયત્ન કરવા પડે છે**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સુપેરે પાર પડી છે. ગરમીના હાઈ એલર્ટમાં રાજ્યના સરકારી કર્મચારીઓ ખાસ તો શિક્ષકો આ ચૂંટણી સફળતાપૂર્વક પાર પાડવામાં મોટી ભૂમિકા ભજવે છે. છેલ્લા ઘણા સમયથી ચૂંટણીમાં કામ કરવું એ કંઈક અલગ અનુભવ આપે છે. ઘણાનાં ચૂંટણી કામગીરીમાં નામ આવે ત્યાં જ નામ કઢાવવા માટે પ્રયત્ન કરવા પડે છે. એક શિક્ષક મિત્રે જણાવ્યું કે વાંધો ચૂંટણી કામગીરી કરવાનો છે જ નહીં. વાંધો આ કામ જે રીતે થાય છે તે રીતે કરવા સામે છે.

ભારતમાં બંધારણના અમલ પછી પ્રથમ ચૂંટણીઓ યોજાઈ ત્યારે જે પદ્ધતિથી કામ થતું હતું, વ્યવસ્થાઓ ગોઠવાતી હતી તે જ રીતે આજે પણ ગોઠવાય છે. એક માત્ર પરિવર્તન આવ્યું છે, તે એ છે કે બેલેટને બદલે ઈ.વી. એમ. મશીનથી વોટ આપવામાં આવે છે. આ પરિવર્તનનો લાભ પરિણામ ગણતરીમાં થયો છે અને રીઝલ્ટ વહેલાં આવે છે. બાકી કાગળકામ અને વ્યવસ્થા હજુ એ જ ઓગણીસમી સદીની છે. કોઈ રાજકીય પાર્ટી કે વહીવટી સુધારણાવાળા આ પ્રક્રિયા બદલવા અને સરળ કરવા વિચારતાં નથી અને ચૂંટણી પંચને સૂચન કરતાં નથી. ખરેખર એક વાર આ ચૂંટણી પ્રક્રિયા અને તેની જમીન પર થતી કામગીરીનું મૂલ્યાંકન કરી સમયાનુસાર ફેરફાર કરવા જોઈએ અને એકવીસમી સદીની ચૂંટણી એકવીસમી સદીની છાપ ઊભી કરે તેવી હોવી જોઈએ. તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં કામ કરતાં અને છેલ્લા ઘણા સમયથી ચૂંટણી કામગીરી કરતાં શિક્ષકો, અધ્યાપકો કે બેંક વીમા ખેતીવાડીનાં કર્મચારીઓના અનુભવ પરથી કેટલીક બાબતો સામે આવી છે તે મુજબ કેટલાંક પરિવર્તનો તો સહજતાથી થઈ શકે છે જેમ કે,

૧. ચૂંટણી માટેનું મતદાન કેન્દ્ર સરકારી મકાન જ હોય અને ખાસ તો ગામ શહેરની સરકારી પ્રાથમિક શાળા જ હોય એ બાબત બદલી શકાય તેવી છે. શરૂઆતનાં વર્ષોમાં ભારતમાં સમાજવાદ હતો, સરકારી સ્કૂલો નવી બાંધવામાં આવી હતી અને અન્ય ઈમારત હતી નહીં. હવે ઉલટું છે. સરકારી પ્રાથમિક શાળાઓ ખખડી ગઈ છે. એ કરતાં પણ દરેક ગામમાં ખાનગી સ્કૂલોનાં સારાં મકાન, સમાજની વાડીઓ, સહિતનાં સારાં મકાનો ચૂંટણી મતદાન કેન્દ્ર તરીકે ઉપયોગમાં લઈ શકાય તેમ છે જ્યાં તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ હોય છે.

૨. ચૂંટણીપંચે એવો નિયમ બનાવ્યો છે કે વિધાનસભા અને લોકસભામાં ચૂંટણી હોય તો કર્મચારીઓને જિલ્લાફેરમાં કામગીરી સોંપવી. આ નિયમનો પુનર્વિચાર કરવાની જરૂર છે. પંચ એવું માને છે કે જો કર્મચારીઓને જિલ્લાફેરમાં કામગીરી સોંપીએ તો તેઓ પક્ષપાત નહીં કરે. હવે હકીકત એ છે કે નોકરી માટે સૌ જિલ્લા બદલીને જ આવ્યા છે. વળી પક્ષપાત એ નૈતિક બાબત છે, જિલ્લો બદલવા છતાં જેને ખોટું કરવું હોય તે કરી જ શકે છે. ઉલટાનું કર્મચારીને જિલ્લાફેર કરતાં તે નવી જગ્યાએ, નવા વાતાવરણમાં અસલામતી અનુભવે છે. મતદાન મથક ઉપર અસામાજિક તત્ત્વોનો મુકાબલો કરવામાં તે એકલો પડે છે અને તેનો એક માત્ર ઉદ્દેશ ચૂંટણી પતાવી ઘરભેગાં થઈ જાય છે. આદર્શ અને વાસ્તવિકતા જુદી હોય છે. જો જિલ્લા કે તાલુકાફેરનો મુદ્દો દૂર થાય તો કર્મચારીઓને વાહનવ્યવહારનો મોટો સમય, શક્તિનો બચાવ થાય, તંત્રને પણ આ વ્યવસ્થા માટે વાહન અને ખર્ચ ન થાય. આજે તો મોટા ભાગે શહેરમાં એક વિસ્તારમાં રહેતાં કર્મચારીને શહેરના બીજા વિસ્તારમાં મૂકો તો તે જિલ્લાફેર જેવું જ હોય છે.

૩. ચૂંટણી કામગીરીમાં સૌથી કંટાળાજનક કામ અને સૌથી પરમ્પરાગત કામ અનેક ફોર્મ ભરવાનું છે. સમય બદલાતાં અનેક ફોર્મ બિનજરૂરી થઈ ગયાં છે, અનેક ફોર્મ એવાં છે જે ચૂંટણી કર્મચારીને બદલે મતદાતા ઘરેથી ભરીને લાવે અને બુથમાં જમા કરાવે તો પણ કોઈ ફેર પડવાનો નથી . દા.ત. અંધ અને અશક્ત મતદારે અને તેને મદદ માટે આવેલ વ્યક્તિએ ભરવાનું ફોર્મ મતદાન મથક બહારથી એજન્ટ કે સ્થાનિક કર્મચારી ભરી આપે અને મતદાતા તે માત્ર બુથમાં જમા કરાવે તો કોઈ વાંધો આવે તેમ નથી.

૪. અનુભવે એવું સમજાયું છે કે ચૂંટણી સામગ્રી લેવા મૂકવાના નામે ખૂબ હેરાનગતિ અને સમય, શક્તિનો બગાડ થાય છે. કામગીરીના દિવસ અને સમયનું યોગ્ય સંચાલન કરવાની ખૂબ જરૂર છે. મત કુટીરથી માંડીને નાના મોટા ફોર્મ અને સામગ્રી વહીવટી તંત્ર દરેક મતદાન મથક પર સીધું જ પહોંચાડી દે ને ચૂંટણી કર્મચારીઓ માત્ર મતપેટી / ઈ. વી. એમ. અને સબંધિત સામગ્રી જ લઈ જાય તો આખી પ્રક્રિયા ખૂબ સરળ થઈ જાય.

૫. ચૂંટણી કામગીરી સોંપાઈ એટલે કર્મચારીના માનવઅધિકારોનો સંપૂર્ણ નાશ થતો નથી. વહીવટીતંત્રે તેના રહેવા, જમવા અને પાયાની સુવિધાઓનો સંપૂર્ણ ખ્યાલ રાખવો જોઈએ જ. ભારત વિશ્વની આર્થિક મહાસત્તા હોય તો ચૂંટણી કર્મચારી ત્રીજા વિશ્વના દેશોમાં ચૂંટણી પ્રક્રિયા કરવા આવ્યો છે તેવું ના લાગવું જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વાઈબ્રન્ટ ગુજરાતનો કેસરિયો વિકાસ

૧ લી મે ૧૯૬૦ - મહાગુજરાત આંદોલનથી જન્મેલું ગુજરાત 65 વર્ષનું થયું. ખાખીથી ખાદી નહીં, ખમીરથી ખ્યાતિ સુધીની સફર. ગુજરાત એટલેઃ ગાંધી-સરદારની ભૂમિ, સુરતનું હીરા-કાપડ, કચ્છનું મીઠું, મોરબીનું સિરામિક. ગુજરાતીનો ધંધો જગપ્રસિદ્ધ. 24 કલાક વીજળી, પાણી, રસ્તા - વિકાસનો પર્યાય ગુજરાત. વાઈબ્રન્ટ ગુજરાતઃ 2003માં નરેન્દ્ર મોદીએ શરૂ કરેલો વિકાસનો મહાકુંભ. રેડ કાર્પેટ, નોટ રેડ ટેપિઝમ. ટાટા નેનો, મારુતિ-સુઝુકી, સેમિકન્ડક્ટર ધોલેરા - લાખો રોજગાર. ખેતરથી ફેક્ટરી સુધી વિકાસ. GSDPમાં ટોપ-5, FDIમાં મોખરે.મહાગુજરાતની ધૂન વાગી, ૧ લી મેનો દિન. વાઈબ્રન્ટે આપી ઓળખ.

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

## લોકજાગૃતિ

સુરત મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ ઉમેદવારો કાર્યકર્તા પ્રચાર માટે જાય છે. દરમિયાન ખુલ્લેઆમ પબ્લીક તેઓને રોકી ગેરકાયદે બાંધકામ તોડ પાણી તથા તૂટેલા રસ્તા વહેતું ગટરનું ગંદુ પાણી તેમજ ગેરકાયદે દબાણ વિગેરે પ્રશ્નો હિમ્મતથી પૂછે છે. અખબારી અહેવાલ મુજબ તેઓથી જવાબ આપવામાં ગેંગે ફેંફે થઈ જાય છે. પ્રચાર છોડી ત્યાંથી રવાના થઈ જવું પડે છે. લોકશાહી લોકો સર્વોપરી થઈ વિવાદી પેપરના પાને ચઢેલી પ્રતિનિધિની ફરિયાદ મુખ્ય કાર્યાલય (દરેક પક્ષના) પ્રમુખની મુલાકાત લઈ તેઓ પાસે જવાબ લેવા જાગૃતિ બતાવવી જરૂરી છે.

**સુરત - કુમુદચંદ્ર જરીવાલા**

## ચાણક્ય નીતિ કે રાજકીય ચાલ

આપણી સરકાર રાજકારણમાં કેટલી માહીર છે તે સંસદના વિશેષ સત્રમાં જોવા મળ્યું. સંસદનું સત્ર હતું જ નહિ છતાં ખાસ બોલાવવામાં આવ્યું. મહિલાઓને લોકસભા વિધાનસભામાં 33 ટકા પ્રતિનિધિત્વ આપતો ખરડો અગાઉ મંજૂર થયેલ તો હતો છતાં તેને વસ્તી ગણતરી અને નવા સીમાંકન સાથે જોડીને એવી રીતે રજૂ કરવામાં આવ્યો કે એકનો વિરોધ થાય એટલે આપોઆપ બીજાનો છોડ ઊંડે ખરડો પસાર કરવા બે તૃતિયાંશ બહુમતી નથી એટલે ખબર જ હતી કે સીમાંકનનો વિરોધ કરી રહેલા વિપક્ષો તેની સાથે જોડાયેલ કદાચ એ વંદના વિધાયકનોય વિરોધ જ કરશે. સરકાર પણ કદાચ એ જ ઈચ્છતી હતી જે હવે ગુજરાતની સ્થાનિક ચૂંટણીઓથી માંડીને પાંચ રાજ્યોની પ્રચાર ભૂમિ પર જોવા મળશે.

**સુરત - જમિયતરામ શર્મા**

## એકલે હાથે ફરજ બજાવતી સ્ત્રી

આપણા સમાજમાં એકલે હાથે ફરજ બજાવતી સ્ત્રીઓ તો અનેક દેખાશે પણ ક્યારેય એની મૂંઝવણ વિશે વિચાર્યું છે ખરું? જીવનમાં એકલા પડવું કે એકલા રહેવું એ કેટલું દુષ્કર છે એનો ખ્યાલ તો એકલા હોય એને જ આવી શકે. એકલતા એ માણસનું સ્થાયી સરનામું છે. માણસ એકલો જન્મે છે અને એકલો જ મરે છે. આ એક સનાતન સત્ય છે પણ જે એકલતા એકલે હાથે ફરજ બજાવતી સ્ત્રી જીવે છે એ ખરેખર સરાહનીય છે. સવારથી સાંજ સુધી પોતાનાં સંતાનોને માટે દોડતી એકલી સ્ત્રીને જોશો તો ખ્યાલ આવશે. એણે તો બંને મોરચે એકલા હાથે લડવું પડે છે. નોકરી કરતી હોય તો વ્યવસાય ક્ષેત્રે અને ઘરમાં બાળકો માટે પણ એણે કેટકેટલું સહન કરવું પડતું હોય છે. શ્રેષ્ઠ ઉછેર માતા-પિતા બંનેની જવાબદારી છે પણ જ્યારે પિતાની ગેરહાજરી હોય કે પછી છૂટાછેડા લીધેલ ત્યક્તા સ્ત્રી હોય તેને માટે સમાજમાં જીવવું અસહ્ય થઈ પડતું હોય છે. કોઈ એને મદદ કરવા પણ તૈયાર હોતું નથી. આનાથી વિપરીત એને શંકા અને કુતૂહલથી જોવામાં આવે છે પણ આ ખોટું છે. એને બદલે એને બિરદાવવી જોઈએ, અને એનું જીવન સરળ બને એ માટે એને પ્રોત્સાહિત કરવી જોઈએ. આપણાથી થાય એટલી થોડે ઘણે અંશે આર્થિક મદદ પણ કરવી જોઈએ.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## વેકેશન એટલે સોનેરી અવસર!

સામાન્ય રીતે વેકેશનનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓ વેકેશનનો સદુપયોગ કરે તે માટે ઘણા બધા વિચાર લેખ પ્રગટ થતા હોય છે. શિક્ષકો અને અધ્યાપકો માટે વેકેશન એ ફક્ત આરામ કરવા માટેનો સમય નથી પરંતુ નવી ઊર્જા મેળવવાનો સોનેરી અવસર છે. પોતાના ફેમિલી સાથે ક્વોલિટી સમય વિતાવવાનો વેકેશનમાં શિક્ષકોને સુંદર મોકો મળે છે પરંતુ સાથે સાથે એઓ નવા શૈક્ષણિક વર્ષ માટે નવું નવું શીખી પણ શકે, સેમિનાર કે કોન્ફરન્સ એટેન્ડ કરી શકે તથા ટેકનોલોજી સાથે પોતાને અપડેટ કરવા માટે પણ સમય ફાળવી શકે છે. શિક્ષકો અને અધ્યાપકો વેકેશનમાં અભ્યાસ સિવાયનું ઈતર વાચન, લેખન, પ્રવાસ કે પછી પોતાની હોબી કે પોતાની અભિરુચિ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. શિક્ષકો વેકેશનનો અર્થસભર સદુપયોગ કરીને સ્વવિકાસ પણ કરી શકે છે અને વિદ્યાર્થીઓ માટે સારું એવું શૈક્ષણિક ભાથું પણ તૈયાર કરી શકે છે. શિક્ષકો સમાજ અને રાષ્ટ્રઘડતરમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ હોવાથી વેકેશનને ઊર્જાપ્રાપ્તિના સોનેરી અવસર તરીકે વિતાવે એ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીના હિતને કેન્દ્રમાં રાખીને દરેક શિક્ષકો અને અધ્યાપકો વેકેશનનો અર્થપૂર્ણ ઉપયોગ કરે એવી અભ્યર્થના વ્યક્ત કરું છું.

**નવસારી- ડૉ.જે. એમ. નાયક**

## માર્ગદર્શનનો અભાવ કે નિરક્ષરતાની લાચારી

દેશમાં સાક્ષરતાની સાથે નિરક્ષરતા પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. ઓડિશાની ગ્રામીણ બેંકના સત્તાવાળાઓએ એક આદિવાસી યુવકને પોતાની બહેનના ખાતામાંથી પૈસા ઉપાડવા માટે બહેનના મૃત્યુનો પુરાવો રજૂ કરવા જણાવ્યું તો કબરમાંથી અસ્થિઓ કાઢી બેંકમાં લઈ ગયો. જો કે અરજદાર નિરક્ષર પણ માર્ગદર્શન આપનાર તો સાક્ષર છે ને. આમ પણ જરૂરી સરકારી દસ્તાવેજો સરળતાથી મળી જતા નથી ત્યારે એક નિરક્ષર વ્યક્તિ અન્યના સહારા વિના કેવી રીતે મેળવી શકે? આમ જોવા જઈએ તો દેશમાં સ્થિત તમામ બેંકોનો અભિગમ ગ્રાહકલક્ષી જોવા મળતો નથી એવી ફરિયાદ વારંવાર થતી જોવા મળે છે. જો કે બેન્કે તપાસના આદેશ આપ્યા એ સારી વાત કહેવાય પણ ફરી અન્ય કોઈ જ્ગ્યાએ આવી ઘટના ન બને તેની કાળજી લેવાવી જોઈએ. દરેક ક્ષેત્રમાં માનવીય અભિગમ હોવો જોઈએ કેમ કે આખરે તો બેન્કોએ ગ્રાહકો પર જ આધાર રાખવો પડે છે. તે જ પ્રમાણે સરકારી તંત્રે એ લોકો પર આધાર રાખવાનો છે. જો લોકો કામ લઈને કચેરીમાં આવશે જ નહીં તો કચેરીનો કારોબાર ચાલશે કેવી રીતે? સમજ અને ગેરસમજ વચ્ચે પાતળી ભેદરેખા છે પણ આ કિસ્સો સમાજને શું સંદેશો આપે છે તે લોકોએ નક્કી કરવાનું.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## પુનઃ પ્રસારણ કરો

ગત સદીમાં રામાનંદ સાગરકૃત ‘‘રામાયણે’’ પ્રજાને ભારે ઘેલું લગાડ્યું હતું. એક પછી એક અદ્ભુત દૃશ્યો, કલાકારોની પ્રાય ભજવણી સીન સીનેરી, ડાયલોગ ડીલીવરી કરવાની પધ્ધતિ સઘળું જ પ્રેક્ષકોને ટી.વી. સામે બેસાડી રાખે. ઠીક ઠીક સમય વીતી ગયો એ સિરિયલ પુનઃ પ્રસારણ થવી જોઈએ. એક એક પાત્રોના અભિનય પ્રેક્ષકોને તલ્લીન કરી મૂકે. વળી આજનું કિશોર-યુવાન યૂથ ધન હાથમાં મોબાઈલ વળગણથી થોડો સમય તો છૂટશે.

**સુરત - કુમુદભાઈ બક્ષી**

સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# અભિષેક શર્મા 2.0



## સંપૂર્ણ ઈનિંગ્સ રમવાની ક્ષમતા ધરાવતો ભવિષ્યનો પિંચ-હિટિંગ એન્કર

અભિષેક શર્માએ દિલ્હી કેપિટલ્સ સામેની ઈનિંગમાં સૌથી પહેલા અને સૌથી છેલ્લા બોલનો સામનો કર્યો. અર્થાત ઓપનીંગમાં આવીને તેણે અંતિમ બોલ સુધી ક્રિઝ પર રહીને એ દર્શાવી દીધું કે તે માત્ર આક્રમક બેટિંગ જ નથી કરતો પણ જરૂર પડે ત્યાં ઈનિંગને એન્કર પણ કરી શકે છે. ઘણાં કહે છે કે તેની આવી ઈનિંગને કારણે તેણે ઓછામાં ઓછા 30 રન ઓછા બનાવ્યા હતા, જો કે તેમ છતાં, તેણે મોટાભાગના ખેલાડીઓએ બનાવ્યા હોત તેના કરતા વધુ રન બનાવ્યા છે. સ્પષ્ટ ભાષામાં કહીએ તો અભિષેકે 68 બોલમાં અણનમ 135 રન બનાવ્યા, જે IPL ઈતિહાસમાં પાંચમો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર હતો. આ ઈનિંગ દરમિયાન, તેણે બોલરોને દરેક જગ્યાએ ફટકાર્યા જાણે કે તે તેનો રોજિંદો દિવસ હોય. અભિષેકે ગત સિઝનમાં પંજાબ કિંગ્સ (PBKS) સામે 55 બોલમાં 141 રન બનાવ્યા હતા. તે સમયે તેનો સ્ટ્રાઈક રેટ 256.36 હતો, જે મંગળવારે તેના સ્ટ્રાઈક રેટ 57.84 કરતા વધારે હતો. સનરાઈઝર્સ હૈદરાબાદ તે સમયે 246 રનનો પીછો કરી રહ્યું હતું. આ વખતે, તેમને પ્રથમ બેટિંગ કરવાની આવી હતી અને અભિષેકની ઈનિંગથી તેમણે 242 રન બનાવ્યા.

બંને મેચનું પરિણામ લગભગ સરખું હતું, પરંતુ અલગ અલગ સ્ટ્રાઈક રેટ એક મોટો પ્રશ્ન ઉભા કરે છે. અભિષેકે ડીસી સામે તેની ક્ષમતા કરતાં ધીમી ઈનિંગ કેમ રમી? તે તેના હોમ ગ્રાઉન્ડ, હૈદરાબાદ, જે T20 બેટિંગ સ્વર્ગ છે, ત્યાં સમાન ટોપ ઓર્ડર સાથે રમી રહ્યો હતો. તે કહે છે કે જે રીતે અમે શરૂઆત કરી હતી, અમારી યોજના પાવરપ્લેનો ઉપયોગ કરવાની હતી. પરંતુ વિકેટ થોડી ધીમી હતી, તેથી અમારે અમારી યોજના બદલવી પડી. અમે પાવરપ્લેનો ઉપયોગ કરવા માંગતા હતા કારણ કે તમને ખબર નથી કે પાર સ્કોર શું હશે. પોતાના ઘરઆંગણે બેટિંગ કરવા છતાં, તે અનિશ્ચિત હતો. તેણે પોતાની જાતને થોડી સંયમિત રાખી, પણ કદાચ બીજું એક કારણ હતું કે તેણે ઓછું જોખમ લીધું. તેણે બીજી એક રસપ્રદ વાત પણ કહી કે મારી પાસે એક યોજના હતી. ફ્રેન્કી [સહાયક કોચ જેમ્સ ફ્રેન્કલિન] ઈચ્છતા હતા કે હું 20મી ઓવર સુધી બેટિંગ કરું. આ પહેલી વાર છે જ્યારે મેં IPLમાં સંપૂર્ણ 20 ઓવર રમી. એ સાચું છે કે તેણે પહેલાં ક્યારેય સંપૂર્ણ ઈનિંગ્સ રમી ન હતી, અને આ તેના માટે નવું હતું. તે સામાન્ય રીતે લાંબી ઈનિંગ્સ માટે જાણીતો નથી, પરંતુ ઝડપી રન બનાવવા માટે જાણીતો છે. T20 માં ભારત માટે ઓપનિંગ કરતા, તે આઉટ થતાં પહેલાં 10-12 બોલમાં 40 રન બનાવી શકે છે. તેના પછી હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, તિલક વર્મા અને શિવમ દુબે જેવા મોટા હિટિંગ ખેલાડીઓ છે. SRHના મિડલ ઓર્ડરમાં સલિલ અરોરા, અનિકેત વર્મા અને નીતિશ કુમાર રેડ્ડીનો સમાવેશ થાય છે. તેઓ બધા પ્રતિભાશાળી બેટ્સમેન છે, પરંતુ ટોપ-ઓર્ડરના પતનને શરૂઆતમાં સંભાળી શકે તેટલા સુસંગત નથી. શું તેમના મગજમાં આ વાત હતી? SRH ના નંબર 4 હેનરિક ક્લાસેન પણ ગયા વર્ષના 172.69 થી પોતાનો સ્ટ્રાઈક રેટ ઘટાડીને 153.11 કર્યો છે જેથી વધુ રન બનાવી શકાય અને ઈનિંગ્સના બીજા ભાગમાં એન્કરિંગ કરી શકાય. આ મેચ પછી ક્લાસેન રન-સ્કોરર્સની યાદીમાં બીજા ક્રમે હતો.


એ ઈનિંગમાં તેનો કંટ્રોલ પર્સન્ટેજ 90% ની આસપાસ રહ્યો. ડેથ ઓવરમાં થોડા ચૂકી ગયેલા શોટને કારણે તે 85% પર આવી ગયો, જે હજુ પણ ઘણો સારો છે. કંટ્રોલમાં રહેવા માટે, તેણે તેની બેટિંગને તેની સૌથી મોટી તાકાતઃ છગ્ગા મારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ગયા વર્ષે, તેણે PBKS સામે 10 છગ્ગા ફટકાર્યા હતા. આજે પણ તેણે 10 છગ્ગા ફટકાર્યા. પરંતુ આજે તેની બેટિંગમાં નસીબનો કોઈ ભાગ રહ્યો નથી. તે 'V' સ્થિતિમાં સીધા બેટથી રમવાનું પસંદ કરે છે. તે પગની બાજુમાં ગમે તેટલો ફરે, જ્યારે તે છગ્ગો મારે છે, ત્યારે બોલ આરામથી બાઉન્ડ્રી ઉપરથી પસાર થાય છે.

ટુ ધ પોઈન્ટ

બીજી બાજુ, ડીસી સામે, તેણે 13 વધુ બોલનો સામનો કર્યો પરંતુ ચાર ઓછા બાઉન્ડ્રી ફટકાર્યા. ટી20 માં ફોરને સલામત માનવામાં આવે છે, પરંતુ અભિષેક જેવા બેટ્સમેન માટે, બાઉન્ડ્રીની અંદર પડતો દરેક બોલ જોખમી હોય છે. ત્યાં ફિલ્ડરો હોય છે. તેથી, તેણે ફક્ત તે જ બોલ પર હુમલો કર્યો જે તે સ્ટેડિયમની બહાર મોકલી શકે. કોહલી જાણે છે કે પરિસ્થિતિઓમાં કેવી રીતે અનુકૂલન સાધવું અને પોતાની ઈનિંગ્સ સરળતાથી કેવી રીતે રમવી, જ્યારે જરૂર પડે ત્યારે ધીમી ગતિએ રમવી. ભારતીયોમાં તેની પાસે સૌથી વધુ T20 સદી (નવ) છે. T20I માં તેના સ્થાને ગણાતા અભિષેકે આજે તે રેકોર્ડની બરાબરી કરી અને ઓરેન્જ કેપ રેસમાં ક્લાસેનથી પણ આગળ નીકળી ગયો. સામાન્ય રીતે, જે ખેલાડીઓ આટલા બધા રન બનાવે છે તેઓ દબાણમાં હોય છે. પરંતુ જ્યારે અભિષેકે કેમેરા સામે ઓરેન્જ કેપ પહેરી હતી, ત્યારે તે હસતો હતો. તે અલગ છે. કદાચ જ્યારે તમે ભવિષ્યમાંથી આવો છો, ત્યારે રન બનાવવાનો બોજ એટલો ભારે લાગતો નથી.

**IPLની હાલની સિઝનની એક મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે અભિષેક શર્માએ રમેલી ઇનિંગમાં બધાને યુસુફ પઠાણ અને વિરાટ કોહલીનું મિશ્રણ જોવા મળ્યું હતું, આ બંને ખેલાડીનું મિશ્રણ એટલે એક એવી આખી ઇનિંગ કે જેમાં આક્રમક અભિગમની સાથે જ એન્કરની ભૂમિકા પણ જોવા મળે અને તે જ અભિષેકની ઇનિંગમાં જોવા મળ્યું હતું**

# મનુ ભાકરને વૈભવ સૂર્યવંશી વિશેનો સવાલ પૂછવાથી ગાજેલુ સોશિયલ મીડિયા માનસિકતા છતી કરી ગયું



ભારતની રમતગમત રાષ્ટ્ર બનવાની આકાંક્ષાઓનું પુનરાવર્તન કરવામાં આવે છે, પરંતુ ક્રિકેટથી આગળ જોવું એ સૌથી સરળ કાર્ય નથી. બે વાર ઓલિમ્પિક્સ મેડલ વિજેતાને મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન કિશોર ક્રિકેટર વૈભવ સૂર્યવંશી વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ભારે હંગામો મચી ગયો. અહીં વિડંબના સ્પષ્ટ છે. 16 વર્ષની ઉંમરે, મનુ ભાકર પહેલેથી જ એક સિનિયર વર્લ્ડ કપ ગોલ્ડ મેડલ વિજેતા અને વૈશ્વિક સ્તરે એક સેન્સેશન હતી. તે સમયે, શું કોઈએ વિરાટ કોહલી અથવા રોહિત શર્માને તેના ઉદય વિશે તેમના વિચારો પૂછવાનું વિચાર્યું હતું? જવાબ ના છે, અને આપણે જાણીએ છીએ કે તે છે, તો શું વિપરીત પ્રથાને સ્વીકાર્ય ગણવી વાજબી છે? જો આપણે એવું માનતા રહીશું કે નોન-ક્રિકેટ સ્ટાર્સ ફક્ત 22-યાર્ડ પિચ સાથે જોડાયેલા હોય ત્યારે જ હેડલાઈન્સમાં આવે છે, તો આપણે ક્યારેય ખરેખર મલ્ટિ સ્પોર્ટીંગ નેશન બની શકીશું નહીં. 24 વર્ષની ઉંમરે, ભાકર બે વારની ઓલિમ્પિક્સ મેડલ વિજેતા છે, એક એવી ખેલાડી છે જેણે ભારતીય રમતગમતના ઈતિહાસમાં નવા પ્રકરણો લખ્યા છે. છતાં, દિલ્હીમાં નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) ની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી દરમિયાન, તેમની ટેકનિકલ શ્રેષ્ઠતા પરથી ધ્યાન હટાવીને ટ્રેન્ડિંગ ક્રિકેટ હેડલાઈન તરફ ખેંચાયું. આ અંતર એક પ્રણાલીગત મુદ્દાને પ્રકાશિત કરે છેઃ આપણે એક એવો દેશ છીએ જે વિજેતાઓને પ્રેમ કરે છે, પરંતુ આપણે હજુ સુધી તે રમતવીરો જે રમતોનું પ્રતિનિધિત્વ કરે છે તેના પ્રેમમાં પડ્યા નથી.

**મનુ ભાકર અને 15 વર્ષના ક્રિકેટર સૂર્યવંશી વિશેના પ્રશ્નનો બનાવ ફક્ત સોશિયલ મીડિયા પરની ક્ષણ નથી; તે ભારતની રમત સંસ્કૃતિના સ્વાસ્થ્યનો એક્સ-રે છે, જે ક્રિકેટ સાથેના પ્રેમથી આગળ વધવા માગતી જ ન હોય તેવું પ્રતિત થાય છે.**

આ હતાશાનું મૂળ ક્રોસ-સ્પોર્ટ જિજ્ઞાસાના એક-માર્ગી રસ્તામાં રહેલું છે. 2018 માં, જ્યારે 16 વર્ષની મનુ ભાકરે મેક્સિકોમાં ISSF વર્લ્ડ કપમાં વિશ્વ કક્ષાના શૂટર્સને પાછળ છોડીને ગોલ્ડ મેડલ જીત્યો, ત્યારે તે કદાચ વિશ્વની સૌથી રોમાંચક કિશોરવયની ખેલાડી હતી. તેણે ઓલિમ્પિક્સ મેડલ જીત્યા છે અને તેને દેશના સૌથી તેજસ્વી ખેલાડીઓમાંની એક તરીકે જોવામાં આવે છે. તેણીને ક્રિકેટ સાથે કોઈ લેવાદેવા નથી, છતાં રમતમાં ઉભરતા સ્ટાર વિશે તેનો અભિપ્રાય મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તે સમજવું મુશ્કેલ છે કે શા માટે. જ્યારે આપણે કોઈ ઓલિમ્પિક્સ ચેમ્પિયનને ઉભરતા ક્રિકેટરને માન્ય કરવા માટે કહીએ છીએ, ત્યારે આપણે ફક્ત સોશિયલ મીડિયાના ટ્રેન્ડને જ અનુસરતા નથી પણ આપણે અસરકારક રીતે પ્રશ્ન કરી રહ્યા છીએ કે શું કોઈ ઉચ્ચ કક્ષાની રમતવીર રાષ્ટ્રનું ધ્યાન પોતાની તરફ ખેંચવા માટે પૂરતું મહત્વ ધરાવે છે.

બુલ્સ આઈ

જો ભારત ખરેખર મલ્ટિ સ્પોર્ટ્સ પાવરહાઉસમાં વિકસિત થવા માંગે છે, તો આ પરિવર્તન મનમાં શરૂ થવું જોઈએ. સ્પોર્ટિંગ નેશન બનવું એ ફક્ત મેડલ જીતવા વિશે નથી; તે એક શૂટરને તે જ સન્માન આપવા વિશે છે જે આપણે એક ક્રિકેટરને આપીએ છીએ. ભાકર-સૂર્યવંશીની વાતચીત પછી સોશિયલ મીડિયા પર ઉછળેલા તોફાનથી ખ્યાલ આવે છે કે ચાહકો ખરેખર આગળ છે. તેમણે સ્વીકાર્યું કે ઓલિમ્પિક્સ આઈકોનને તેના પોતાના ફેડરેશનના કાર્યક્રમમાં અન્ય રમત માટે ટિપ્પણી કરવાનું કહેવું એ તેની સિદ્ધિઓ સાથે અન્યાય હતો. જ્યાં સુધી આપણે એવા બિંદુ પર ન પહોંચીએ જ્યાં કોઈ ક્રિકેટરને 10 મીટર એર પિસ્તોલ ફાઈનલની ઝીણવટભરી બાબતો વિશે પૂછવામાં ન આવે, અથવા જ્યાં શૂટિંગ વર્લ્ડકપ સીઝનના મધ્યમાં IPL રમત જેવી જ ચર્ચા પેદા કરે, ત્યાં સુધી બેવડું ધોરણ યથાવત રહે છે.

# IPLના ઈતિહાસમાં 5 શ્રેષ્ઠ રિપ્લેસમેન્ટ ખેલાડી, જેઓ મેચ વિનર સાબિત થયા

IPLની જ્યારે પણ હરાજી થાય છે ત્યારે તેના પર અનકેપ્ડ ખેલાડીથી લઈને વિદેશના મોટા ખેલાડીઓની નજર રહે છે. વળી આ હરાજીમાં વેચાયા વગર રહેવું એ કોઈપણ ખેલાડી માટે નિરાશાજનક હોય છે, પરંતુ નસીબનું ચક્કર ક્યારે ફરશે તે કોઈને ખબર નથી અને ઘણીવાર એવું બને છે કે અનસોલ્ડ રહેલા ખેલાડી કોઈ અન્ય ખેલાડી ઘાયલ થાય કે ખસી જાય ત્યારે તેના રિપ્લેસમેન્ટ તરીકે તેઓ કોઈ ટીમમાં સામેલ થાય છે અને પછી તેઓ ટીમ માટે મોટી ભૂમિકા ભજવી જાય છે. IPLના ઈતિહાસમાં, ઘણા ખેલાડીઓ એવા રહ્યા છે જે શરૂઆતમાં અનસોલ્ડ રહ્યા હતા, પરંતુ પછી ઘાયલ ખેલાડીઓના સ્થાને આવ્યા અને તેમની ટીમનું નસીબ બદલી નાખ્યું હતું, અહીં આપણે એવા પાંચ ખેલાડીઓ વિશે જાણીશું.



**ક્રિસ ગેલ (2011-RCB)**

ક્રિસ ગેલ કદાચ IPLના ઈતિહાસમાં સૌથી સફળ રિપ્લેસમેન્ટ ખેલાડી છે. 2011ની હરાજીમાં ગેલને ખરીદવામાં કોઈ ફ્રેન્ચાઈઝીએ રસ ન દાખવતા તે વેચાયો ન હતો. જોકે, જ્યારે RCBનો ઝડપીબોલર ડર્ક નેન્સ ઘાયલ થયો અને ત્યારે તેના રિપ્લેસમેન્ટ તરીકે RCBએ તેને બોલાવ્યો હતો. ત્યારબાદ જે બન્યું તે ઈતિહાસ બની ગયું. ગેલે તે સિઝનમાં ઘણા રન બનાવ્યા અને RCB માટે એક એવો બેટ્સમેન સાબિત થયો જેણે એકલા હાથે મેચ જીતવાની નવી વ્યાખ્યા બનાવી દીધી હતી.



**ઇમરાન તાહિર (2017-રાઇઝિંગ પુણે સુપરજાયન્ટ)**

2017ની હરાજીમાં દક્ષિણ આફ્રિકાનો અનુભવી સ્પિનર ઈમરાન તાહિર વેચાયા વિ ના રહ્યો હતો. જો કે જ્યારે રાઈઝિંગ પુણે સુપરજાયન્ટનો ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર મિચેલ માર્શ ઈજાને કારણે IPLની એ સિઝનમાંથી બહાર થઈ ગયો, ત્યારે રાઈઝિંગ પુણે સુપરજાયન્ટે તેને તક આપી. તાહિરે પોતાની જાદુઈ સ્પિન વડે તે સિઝનમાં 18 વિકેટ લીધી અને પુણેને ફાઈનલમાં પહોંચાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી. વિકેટ લીધા પછી મેદાન પરની તેની દોડ હજુ પણ ચાહકોના મનમાં તાજી છે.

ક્રિક ટોક

**લસિથ મલિંગા (2019-મુંબઈ ઈન્ડિયન્સ)**



મલિંગાની વાર્તા થોડી અલગ છે. તે 2018માં મુંબઈ ઈન્ડિયન્સ ફ્રેન્ચાઈઝી માટે મેન્ટોર બન્યો હતો પરંતુ તેના એક વર્ષ પછી 2019માં તે ખેલાડી તરીકે પાછો ફર્યો. તેણે હરાજીમાં ભાગ તો લીધો હતો, પણ તેની ટીમમાં વાપસી મુખ્યત્વે ટીમમાં ખાલી પડેલી જગ્યા ભરવા માટે થઈ હતી. 2019ની ફાઈનલના છેલ્લા બોલ પર શાર્દુલ ઠાકુરને આઉટ કરીને મુંબઈ ઈન્ડિયન્સ ચોથી વખત ચેમ્પિયન બન્યું, તે તેની મેચ જીતાડવાની ક્ષમતાનું ઉત્તમ ઉદાહરણ હતું.

**રજત પાટીદાર (૨૦૨૨ - આરસીબી)**



2022ના મેગા ઓક્શનમાં કોઈપણ IPL ફ્રેન્ચાઈઝી દ્વારા રજત પાટીદારને ખરીદવામાં રસ દાખવવામાં આવ્યો નહોતો અને તેના કારણે તે કોઈ ટીમમાં સામેલ થયો નહોતો. એ પછી પાટીદાર તેના લગ્નની તૈયારીમાં વ્યસ્ત હતો. પણ જ્યારે RCBનો લવનીત સિસોદિયા ઘાયલ થયો ત્યારેપાટીદારને તેના સ્થાને ટીમમાં લાવવામાં આવ્યો. પાટીદારે એલિમિનેટરમાં લખનઉ સામે નોટઆઉટ સદી ફટકારીને સનસનાટી મચાવી હતી એ તે પછી તે ટીમનો કાયમી સભ્ય બન્યો અને બાદમાં, 2025માં તેની કેપ્ટનશિપ હેઠળ RCBએ 18 વર્ષે પહેલીવાર ટ્રોફી જીતી.

**ફિલ સોલ્ટ (2024-કોલકાતા નાઈટ રાઈડર્સ)**



ઈંગ્લેન્ડનો વિસ્ફોટક ઓપનર ફિલ સોલ્ટ IPL 2024ની હરાજીમાં વેચાયા વિના રહ્યો હતો, જે તે સમયે તે ન વેચાયો તે વાત અચરજભરી રહી હતી. જો કે તે પછી ઈંગ્લેન્ડનો જ ખેલાડી જેસન રોય હરાજીમાં વેચાયો હોવા છતાં અચાનક IPLમાંથી ખસી ગયો, ત્યારે KKRએ તેના રિપ્લેસમેન્ટ તરીકે સોલ્ટને કરારબદ્ધ કર્યો. એ સિઝનમાં તે પછી સોલ્ટે સુનીલ નરીન સાથે મળીને એવી ધમાકેદાર ઓપનીંગ જોડી બનાવી કે જે હજુ પણ યથાવત રહી છે અને આ જોડી દ્વારા મળથી શરૂઆતને કારણે KKRએ તે સિઝનમાં ટાઈટલ જીત્યું હતું.

**IPLના ઇતિહાસમાં ઘણા ખેલાડીઓ એવા રહ્યા છે જે ઓક્શન દરમિયાન અનસોલ્ડ રહ્યા હતા પણ પછી કોઇ ખેલાડી ઘાયલ થતાં કે ખસી જતાં તેઓ જે તે ટીમમાં રિપ્લેસમેન્ટ તરીકે આવ્યા અને પોતાની ટીમ માટે સૌથી મોટા મેચ વિનર સાબિત થયા હતા**

# હરાજીમાં કરોડોમાં વેચાયેલા પાંચ ખેલાડી અપેક્ષાઓ પર ખરા નથી ઉતર્યા

IPL 2026ની સફર લગભગ અડધી થઈ ગઈ છે. આ સિઝનમાં કેટલાક ખેલાડીઓ તેમના જોરદાર પ્રદર્શનથી હેડલાઈન્સમાં છે. જોકે, કેટલાક ખેલાડીઓ એવા છે જેમને ફ્રેન્ચાઈઝી દ્વારા હરાજી દરમિયાન કરોડો રૂપિયામાં કરારબદ્ધ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમનું પ્રદર્શન અત્યાર સુધી નિરાશાજનક રહ્યું છે. આ ખેલાડીઓમાં કેટલાક એવા છે જે એકલા હાથે મેચનું પાસુ પલટાવી શકે છે પણ હાલની સિઝનમાં જાણે કે તેમની ક્રિકેટિંગ સ્કિલને કાટ લાગી ગયો હોય તેવી તેમની સ્થિતિ છે.



**કેમેરન ગ્રીન :** કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ આ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડરને ખરીદવા માટે રૂ. 25.20 કરોડ ખર્ચ્યા. જોકે, ગ્રીને આ સિઝનમાં અત્યાર સુધી રમેલી સાત મેચોમાં તેના પ્રદર્શનથી નોંધપાત્ર નિરાશા વ્યક્ત કરી છે. તેણે સાત ઇનિંગ્સમાં 27 ની સરેરાશ અને 151 ના સ્ટ્રાઇક રેટથી ફક્ત 162 રન બનાવ્યા છે. તેમ છતાં તેની બેટિંગ મોટે ભાગે ટોપ ઓર્ડરમાં આવતી હતી. ગ્રીન પીઠની સમસ્યાને કારણે પ્રથમ ચાર મેચમાં બોલિંગ કરી શક્યો ન હતો, જ્યારે છેલ્લી ત્રણ મેચમાં તેણે બોલિંગ કરી છે, તેણે ફક્ત એક વિકેટ લીધી છે અને તેની ઇકોનોમી 14.16 રહી છે.

**લિયામ લિવિંગસ્ટોન :** ઇંગ્લિશ બેટ્સમેન કમ ઓલરાઉન્ડર લિયામ લિવિંગસ્ટોનને સનરાઇઝર્સ હૈદરાબાદે રૂ. 13 કરોડમાં ખરીદ્યો હતો. લિવિંગસ્ટોન એકલા હાથે તેની વિસ્ફોટક બેટિંગથી મેચોને પલટશે તેવી અપેક્ષા હતી. જોકે, આ સિઝનમાં આ ઇંગ્લિશ બેટ્સમેન સંઘર્ષ કરી રહ્યો છે. તેણે રમેલી બે મેચમાં તેણે ફક્ત 15 રન જ બનાવ્યા છે અને તે પછી તેને ફરી તક આપવામાં આવી નથી.



**IPL 2026 સીઝન ચાલી રહી છે, અને બધી ટીમો પ્લેઓફમાં પહોંચવા માટે પ્રયત્નશીલ છે. આ લખાય છે ત્યારે મોટાભાગની ટીમોએ વર્તમાન સીઝનમાં સાત મેચ રમી છે, પરંતુ કેટલાક ખેલાડીઓ એવા છે જેમણે અત્યાર સુધી અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી**



**કાર્તિક શર્મા :** ચેન્નાઈ સુપર કિંગ્સે હરાજી દરમિયાન ઘણી ફ્રેન્ચાઇઝીઓ સાથે સંઘર્ષ કર્યા પછી વિકેટકીપર-બેટ્સમેન કાર્તિક શર્માને 14.20 કરોડમાં ખરીદ્યો. કાર્તિકની બેટિંગ મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરતી હતી, પરંતુ તે IPL 2026માં અત્યાર સુધી પ્રભાવશાળી રહ્યો નથી. તેણે ત્રણ મેચમાં 119 ના સ્ટ્રાઇક રેટથી માત્ર 25 રન બનાવ્યા છે. તેને રમતો જોતા એવું લાગે છે કે તે ફ્રેન્ચાઇઝીએ તેના પર મૂકેલા વિશ્વાસને કારણે દબાણમાં આવી જવાથી તે રમી શકતો નથી.



**ફિન એલન :** કોલકાતા નાઈટ રાઈડર્સે ફિન એલનને રૂ. 2 કરોડમાં કરારબદ્ધ કર્યો હતો. એલને 2026ના T20 વર્લ્ડકપમાં માત્ર 33 બોલમાં સદી ફટકારી હતી, જેના કારણે 2026ના IPLમાં તેની વિસ્ફોટક બેટિંગ જોવા માટે દરેક ઉત્સુક હતા. જોકે, ન્યુઝીલેન્ડનો આ બેટ્સમેન અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ ગયો છે. એલને પાંચ ઇનિંગ્સમાં 16.20 ની સરેરાશથી માત્ર 81 રન બનાવ્યા છે. ઓપનર તરીકે રમ્યો હોવા છતાં, એલને હજુ સુધી કોઈ મોટો સ્કોર કર્યો નથી.

સ્પેશિયલ કોમેન્ટ



**ગ્લેન ફિલિપ્સ :** ન્યુઝીલેન્ડના બેટ્સમેન ગ્લેન ફિલિપ્સને ગુજરાત ટાઇટન્સે 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. જોકે, ફિલિપ્સ પોતાના પ્રદર્શનથી અપેક્ષાઓ પર ખરા ઉતરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે છ મેચમાં 16.75 ની સરેરાશ અને 124 ના સ્ટ્રાઇક રેટથી માત્ર 67 રન બનાવ્યા છે. પોતાની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતા ફિલિપ્સનો ટુર્નામેન્ટમાં માત્ર 124.07 નો સ્ટ્રાઇક રેટ છે. જોકે, તેમની ફિલ્ડિંગ આશાસ્પદ દેખાઈ રહી છે.

LifeStyle Trends

# સુરતી યુવાનોમાં બોલ્ડ અને સ્ટાઈલિશ જ્વેલરીનો ટ્રેન્ડ

સદીઓથી જવેલરી એટલે કે ઘરેણા સ્ત્રીઓનો શણગાર ગણાય છે. હા, કેટલાંક સમાજમાં વર્ષોને વર્ષોથી પુરુષો પણ ગળામાં સાંકળ, હાથમાં કડા અને કાનમાં કુંડળ પહેરે છે પણ હવે સમય બદલાયો છે હવેના મેલ યંગસ્ટર્સ માટે પણ જવેલરી ફેશન સ્ટેટમેન્ટ બની છે. તેઓ મોર્ડન લુક પણ આપે અને ભારતીય સંસ્કૃતિનું મિશ્રણ હોય તેવા બોલ્ડ આભૂષણો પર પસંદગી ઉતારી રહ્યાં છે. 2026માં સુરતી યુવાનો માટેની જવેલરીમાં સસ્ટેનેબિલિટી(ટાકાઉપણું) અને વ્યક્તિગત અભિવ્યક્તિનું મિશ્રણ જોવા મળી રહ્યું છે. તો ચાલો 2026માં કઈ જવેલરી સુરતી યુવાનોમાં ટ્રેંડિંગ છે ?તેના વિશે જાણીએ...

### બોલ્ડ અને લેયર્ડ ચેન પર્સનાલિટી સ્ટેટમેન્ટ બની છે



સુરતી યુવકોમાં આ વર્ષે બોલ્ડ અને લેયર્ડ ચેન ખાસ્સી ટ્રેન્ડમાં છે. તે માત્ર એસેસરીઝ નહીં પણ પર્સનાલિટી સ્ટેટમેન્ટ બની છે. 2026માં જાડી અને હેવી ચેઇન Cuban Link, Figaro Strands અને Oval Link ડિઝાઇન મશહૂર બની છે. એકની ઉપર એક ચેઇન પહેરવી બોલ્ડ ફેશન માનવામાં આવે છે. માત્ર ગોલ્ડ કે સિલ્વર જ નહીં પણ બંને ટોનની ચેઇન એકસાથે પહેરવી પણ ફેશન માનવામાં આવે છે.

### નેચરલ બીડ્સ અને મોતીઓની માળાનો ક્રેઝ વધ્યો

નેચરલ બીડ્સ અને મોતીઓની માળાનો ક્રેઝ 2026માં વધ્યો છે, જે પારંપરિક અને મોર્ડન ફ્યુઝનનું મિશ્રણ છે. શ્વેત મોતીઓની સાથે કલરફુલ નેચરલ બીડ્સ (Emerald, Maroon, Jade)નું સંયોજન ઘણું ટ્રેન્ડમાં છે. લગ્નની શેરવાની પર ત્રણ કે પાંચ લેયરની રેડ કે ગ્રીન કલરના સ્ટોનવાળી માળા પસંદ કરવામાં આવી રહી છે. હવે તો નેચરલ સ્ટોનના બ્રેસ્લેટ પહેરવાનો ટ્રેન્ડ આવ્યો છે. જે સુરતી યુવાનોને ફેશન અને હેલ્થ બંને પ્રદાન કરે છે.



### નિયો હેરિટેજ ગોલ્ડ બેંગલ્સ આધુનિક, સ્ટાઈલિશ અને બોલ્ડ હોય છે

નિયોનો અર્થ નવું કે આધુનિક થાય છે. જ્યારે હેરીટેજનો અર્થ ભારતીય શિલ્પકારી જેમકે નકશીકામ, ટેમ્પલ ડિઝાઈન, પ્રાચીન પેટર્ન છે. નિયો હેરિટેજ ગોલ્ડ બેંગલ્સમાં પ્રાચીન કળાની ડિઝાઈન હોય છે. આવા કડા મેરેજ ફંક્શન, દિવાળી જેવા ફેસ્ટિવલમાં પહેરતા તે આધુનિક, સ્ટાઈલિશ અને બોલ્ડ લાગે છે.





### પર્સનલાઈઝડ સિગ્નેટ રિંગ્સ ક્લાસિક અને યાદગાર ગિફ્ટ


સુરતી યુવકો પર્સનલાઈઝડ સિગ્નેટ રિંગ્સ પર પસંદગી ઉતારી રહ્યાં છે. કેમકે, આ અંગૂઠી તેમના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. કલાસિકલ લુકને કારણે તેની ડીમાંડ ગીફ્ટ આપવા માટે ખાસ થઈ રહી છે. તેમાં પોતાના કે પોતાના પ્રિયજનના નામનો પ્રથમ અક્ષર (Initial) કે પૂરું નામ હિન્દી અને અંગ્રેજીમાં લખાવવામાં આવે છે. રેકટેંગલ , રાઉન્ડ કે ઓવલ ડિઝાઈનની ગોલ્ડ અને સિલ્વરમાં મળતી આ સિગ્નેટ રિંગ્સ આધુનિકતાની સાથે પારંપરિક લુક આપે છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

## નથી થતું દ્વિચક્રિય વાહનો માટે શેડની નીચે રોકાવું, તેમણે તો પડે છે તડકામાં ઊભા રહીને શેકાવું...

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**




પડી રહ્યા છે આકાશમાંથી અગનગોળા અને થાય છે પરસેવો ખૂબ, અમે તો છીએ દ્વિચક્રિય ચાલકો અને કાયમ સહન કરવી પડે છે ધૂપ... બનાવ્યો શેડ તંત્રએ કે અમને મળે છાંયડો પણ પહેલેથી જ તેની નીચે ઊભા રહી જાય છે મોટામસ વાહનો.... નથી થતી રાહત અમને, કેવી રીતે બચીએ તડકાથી, આ શેડનો ખ્યાલ હશે ઉત્તમ પણ અમને નથી બચાવતો ગરમીના કિરણોથી... સમજે મોટા વાહનના ચાલકો અને ખસે બાજુ, તો બચીએ ગરમીથી અને વગાડીએ રાહતનું વાજું...

# ફ્રૂટ્સ આઇસ ગોળા છે હેલ્ધી, ગરમીમાં રાખે છે કૂલ

FOOD ફંડા

**અત્યારે ગરમીનો પ્રકોપ વધી ગયો છે. 41 ડીગ્રી સુધી તાપમાન પહોંચી જતા સુરતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. ગરમીથી બચવા સુરતીઓ દિવસે AC અને પંખાની હવામાં બેસી રહેવાનું પ્રિફર કરવા લાગ્યાં છે તો રાત્રીના સમયે મિત્રો અને પરિવાર સાથે ઠંડા આઈસ્ક્રીમ અને આઇસ ગોળાનો સ્વાદ લેવા શહેરના માર્ગો પર નીકળી પડે છે. આઇસ ગોળામાં પણ હવે સુરતીઓ નવા નવા ટેસ્ટ શોધતા હોય છે. તો આ વખતે આઇસ ગોળા નેચરલ ફ્રૂટ્સના બનાવી સુરતીઓને અનોખો સ્વાદ આપવાની સાથે તેમને ઠંડક, તાજગી અને સ્ફૂર્તિનો અહેસાસ કરાવવામાં આવી રહ્યે છે. હેલ્થ ફ્રિક અને કાંઈક નવું ટેસ્ટ કરવા તત્પર સુરતીઓને ફ્રેશ ફ્રૂટ આઇસ ગાળાનો ટેસ્ટ કેવો લાગી રહ્યે છે, તેમાં બીજું શું અટ્રેક્શન છે? તે આપણે અહીં જાણીએ...**





### પૂણેથી લાવવામાં આવે છે જાબું

જાબુંના આઇસ ગોળાની સુરતીઓમાં ડિમાન્ડ વધારે છે. જાબું પુણેથી મંગાવવામાં આવે છે. નેચરલ ફ્રૂટ્સના આ આઇસ ગોળા બનતા હોવાથી ટેસ્ટ તે જ ફ્રુટનો ટેસ્ટ આવે છે. સુરતી મહિલાઓને જાબું અને કાચી કેરી વધારે ભાવે એટલે આ ફ્રૂટના આઇસ ગોળાની ડિમાન્ડ યુવતીઓ વધારે કરે છે.

### જાબું, સ્ટ્રોબેરી વિ. ફ્રૂટ્સના બને છે આઇસ ગોળા

ઉનાળામાં જાબું, કાચી કેરીની સિઝન હોય એટલે આ ફ્રૂટ્સ સહિત કિવી, કાળી, લાલ દ્રાક્ષ, સ્ટ્રોબેરી ઉપરાંત મિક્સ ફ્રૂટ્સ (પાઈનેપલ, કિવી, ડ્રેગનફ્રુટ)ના આઇસ ગોળા આ વખતે સુરતીઓને ગરમીમાં ઠંડા-ઠંડા, કૂલ-કૂલનો અહેસાસ કરાવે છે તથા તેનો ટેસ્ટ જ્યૂસી-મજેદાર લાગે છે. નેચરલ ફ્રૂટ્સ આઇસ ગોળા હેલ્ધી પણ હોવાથી રાત્રે સુરતીઓ તેની મજા માણતા જોવા મળે છે.







### ટોપિંગ પણ સુકવેલા ફ્રૂટ્સનું હોય

ક્રશ કરવામાં આવેલા રિયલ ફ્રૂટ્સના આ ગોળા પર સુકવેલા ફ્રૂટ્સ જેમકે પાઈનેપલ, કિવી, ઓરેન્જ, ચેરી, ક્રેનબરીના ટુકડા પાથરીને આ આઇસ ગોળાને દેખાવે અટ્રેકટિવ બનાવવામાં આવે છે. આ ઉપરાંત તેની પર ડ્રાયફ્રૂટ્સ પાથરવામાં આવે છે એટલે તે કલરફુલ દેખાવાની સાથે સ્વાદમાં પણ લાજવાબ લાગે છે.



### બાળકોને પ્રિય છે સ્ટ્રોબેરી આઇસ ગોળા

બાળકોને સ્ટ્રોબેરી બહુ ભાવતી હોય છે. તેમને સ્ટ્રોબેરીનો મિલ્ક શેક અપાતો હોય છે, ફ્રુટ સલાડમાં પણ બાળકોને સ્ટ્રોબેરી ભાવતી હોય છે. હવે બાળકો રાત્રીના આઈસ્ક્રીમની મજા માણવા નીકળે ત્યારે તેઓ સ્ટ્રોબેરી આઇસ ગોળાનો ટેસ્ટ લેવાનું પ્રિફર કરવા લાગ્યા છે.



### મિઠાસ માટે મિસરી એડ કરાઇ છે જે ઠંડક અને ઉર્જા આપે


ફળોના ફ્રેશ જ્યુસને ફ્રીઝરમાં અમુક કલાક જમાવી દેવાય છે પછી તેને આઇસ ક્રશર મશીનમાં ક્રશ કરીને તેની પર રીયલ ફ્રૂટનો જ્યુસ રેડવામાં આવે છે. તેમાં કોઈપણ પ્રકારના કેમિકલ નથી હોતા અને ફ્રૂટ્સની નેચરલ મીઠાશ હોય છે એટલે તે પ્રકારે હેલ્ધી પણ છે.


### નવો ટેસ્ટ આપવા ત્રણ મહિના રિસર્ચ કરીને બનાવ્યા નેચરલ ફ્રૂટ્સ આઇસ ગોળા

આ ઈનોવેટિવ નેચરલ ફ્રૂટ્સ ગોળા બનાવનાર સતિષભાઈ ઠાકરે દ્વારા જણાવવામાં આવ્યું કે, સ્વાદપ્રિય સુરતીઓને નવો નવો ટેસ્ટ જોઈતો હોય તે આપવા અમે સતત ત્રણ મહિના રિસર્ચ કરીને રોજ અલગ અલગ ફ્લેવરના ફ્રૂટ્સના આઇસ ગોળા બનાવી તેનો ટેસ્ટ ચેક કરતા એ રીતે સુરતીઓને ટેસ્ટ ભાવી જાય અને તેમની હેલ્થ પણ જળવાઈ રહે એવા ઈનોવેટિવ આઇસ ગોળા અલગ અલગ 6 પ્રકારના ફ્રૂટ્સના બનાવ્યા. આ ફ્રૂટ્સ આઇસ ગોળા એવા બનાવ્યા કે, તેને ખાવાથી બીજા દિવસે ગળું પકડવાનો ડર પણ નથી રહેતો. જે લોકો શુગર અવોઇડ કરે છે તેઓ પણ આ ફ્રૂટ્સ આઇસ ગોળાનો ટેસ્ટ લેતા હોય છે. તમે આ આઇસ ગોળાનો ટેસ્ટ લો તો ફ્રૂટ્સ ખાતા હોય તેવું જ લાગે.

**અમદાવાદના ભદ્ર કે ત્રણ દરવાજા આજે પણ ઈતિહાસની સાક્ષી પૂરતા અડીખમ ઊભા છે, પણ શું તમે જાણો છો કે સુરત પાસે પણ આવા જ કલાત્મક ૧૨ દરવાજાઓનું રક્ષણકવચ હતું? આજે આપણે માત્ર 'સહારા દરવાજા' કે 'દિલ્હી દરવાજા' જેવા નામો બોલીએ છીએ, પણ એ ભવ્ય દરવાજાઓ ક્યાં ગયા? જહાંઆરાના બાગથી લઈને મલિક ગોપીના ગોપીપુરા સુધી, અને ૧૨ દરવાજાથી લઈને ૧૮ પરા સુધી ફેલાયેલા સુરતના ભવ્ય 'કોટ' વિસ્તારની આ એક એવી દાસ્તાન છે જેમાં વ્યાપાર, વૈભવ અને વીતેલા સમયની સુગંધ ધરબાયેલી છે. ચાલો, આ 'વિશ્વ વિરાસત' સપ્તાહે સુરતના ઈતિહાસના એ દ્વાર ખોલીએ જે હવે માત્ર સ્મૃતિઓમાં છે.**

# નામશેષ દરવાજા અને પરાઓની અનકહી દાસ્તાન: સુરતનો ખોવાયેલો વૈભવ




હાલમાં જ ૧૮ એપ્રિલે 'વિશ્વ વિરાસત દિવસ' ગયો. સ્મારકો અને ઐતિહાસિક સ્થળોને યાદ કરવાનો આ દિવસ સુરતીઓ માટે થોડો મલકાટ અને થોડી ટીસ લઈને આવે છે. સુરતના હેરિટેજની વાત નીકળે ત્યારે ગર્વ તો થાય, પણ સાથે એક અફસોસ પણ જાગે કે જે દરવાજાઓ એક સમયે આ શહેરની સુરક્ષા અને શાન હતા, આજે તે માત્ર કાગળ પરના નામ બનીને રહી ગયા છે. અમદાવાદમાં આજે પણ ભદ્ર કે લાલ દરવાજા શહેરનો ઈતિહાસ ગાતા ઊભા છે, જ્યારે આપણે સુરતના વિકાસની આંધળી દોટમાં એ કલાત્મક વારસાને જમીનદોસ્ત કરી નાખ્યો. એ આપણી કમનસીબી છે કે આજે સુરતની એ વીતેલી જાહોજલાલીનો સમ ખાવા પૂરતો એક પણ દરવાજો બચ્યો નથી.

અમદાવાદની પોળો જેવી જ ઓળખ સુરતના 'પરા' વિસ્તારોની છે. જોકે, બદલાતા સમય સાથે હવે આ પરાઓની સાંકડી ગલીઓ વેરાન થઈ રહી છે અને મૂળ વસ્તી નવા વિસ્તારો તરફ સ્થળાંતર કરી રહી છે. પણ આ શેરીઓના નામમાં આજેય ઈતિહાસ ધબકે છે. અહીં કુટુંબ, જ્ઞાતિ અને વ્યવસાયના આધારે પડેલા નામો જેમ કે રેશમવાડ, ચેવલી શેરી કે રંગૂનવાલાની શેરી, સુરતના વૈશ્વિક વ્યાપારની સાક્ષી પૂરે છે. એક સમયે તાપીના તટ પર વસેલું આ ખૂબસૂરત શહેર અઢાર પરાઓમાં વહેંચાયેલું હતું. શહેરની રક્ષા માટે બનેલા મજબૂત કોટમાં પ્રવેશવા માટે કુલ ૧૨ દરવાજા હતા. જેમાં વરીયાવી, વેડ, કતારગામ, લાલ, દિલ્હી, સહારા, કમેલા, માન, ઉધના, નવસારી, મજૂરા અને જેલ તરીકે જાણીતો જાફરઅલીનો દરવાજો સમાવિષ્ટ હતો. આ બાર દરવાજાની સુરક્ષિત ગોદમાં વસેલા હતા અઢાર પરા.

આ પરાઓના નામ પણ અહીંના અગ્રણીઓના પ્રભાવની વાત કરે છે. હરિકૃષ્ણ મહારાજના નામ પરથી હરીપરુ, સગરામ વસી દેસાઈના નામ પરથી સગરામપરુ, પ્રખ્યાત મલિક ગોપીના નામથી ગોપીપરુ અને મોગલ મુત્સદ્દી સલાબતખાનના નામથી સલાબતપરુ અસ્તિત્વમાં આવ્યા. જે નવું વસાવવામાં આવ્યું તે નવાપરા તરીકે ઓળખાયું.

સુરતની ભાગોળો અને બજારોના નામ પાછળ પણ રસપ્રદ તર્ક છે. 'વડા ચૌટા' એટલે કે મુખ્ય બજાર, જે એક સમયે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર હતું અને આજે સુરતી સ્ત્રીઓનું માનીતું શોપિંગ ડેસ્ટિનેશન છે. જે રસ્તે નવસારી જવાય તે નવસારી દરવાજો અને દિલ્હી તરફ જતો માર્ગ એટલે દિલ્હી દરવાજો. 'વાળી ફળિયા'માં ક્યારેક મોગલો અને અંગ્રેજોની મહેફિલો જામતી, કારણ કે ત્યાં અસંખ્ય વાડીઓ અને બગીચા હતા. ઝાંપા બજાર એ ક્યારેક માટીના કોટની સીમા હતી, જ્યાં ઝાંપા તરફ જવાની વાડ હોવાથી તે 'ઝાંપા બજાર' કહેવાયું. એટલું જ નહીં, ઔરંગઝેબની બહેન જહાંઆરાએ પંદર એકરમાં બનાવેલી ભવ્ય 'બેગમવાડી' આજે પણ પ્રખ્યાત છે અને બેગમપરા વિસ્તારનું નામ પણ તેના નામ પરથી જ પડ્યું છે.

આજે ભલે એ ભૌતિક દરવાજાઓ તૂટી ગયા હોય, પણ આ વિસ્તારોના નામ પાછળ રહેલા વ્યક્તિ વિશેષ અને વ્યવસાયોના ઈતિહાસના લિસોટા આજે પણ સુરતની ધરતી પર અકબંધ છે.

### સુરત અને સુરતીઓના સુવર્ણકાળની જાહોજલાલી દર્શાવતું અનામું કાવ્ય

ગુજરાત દેશ મોટો જાણું, મોટાં તે
શહેર ચાર વખાણું,
અમદાવાદ, પાટણ, સૂરત ,ખંભાત,
સૂરત બંદર જગમાં પ્રખ્યાત
બંદર સૂરતમાં સહુ કો સુખિયા, કોઈ
જીવ ન લાભેદુખિયા
ન્યાયતણા તે કરે વ્યાપાર ,ધન્વંત લોક
સુખિયાદાતાર,
મહાજન માહિ વડા વ્યવહારી ,ધર્મવંત
અને દેવપૂજાકારી
સમકિતવંતબારવ્રતધારી ,શીયલવંતી છે
જસ ઘર નારી.
શીયલ સરખી તે રૂપે ઈન્દ્રાણી, ફૂલ
ખરે મુખેબોલત વાણી,
એહવીનારીના ભોગી ભરતાર,
અવસર યાચકજનનાદાતાર.

### "વડા ચૌટા" એક સમયે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર, આજે સુરતી સ્ત્રીઓનું માનીતું શોપિંગ ડેસ્ટિનેશન

વારસાની વરિયાળી

**અઠવાલાઈન્સ જે સૂરતનું એક અનન્ય અંગ છે, એક જમાનામાં તે ફ્રેન્ચોને હસ્તક હતું. સૂરતમાં ગુનો કરી અહીં આવીને ઊભાં રહો તો અંગ્રેજ કે મોગલ પોલીસ તમને પકડી ન શકે, એવો પરદેશી ભૂમિ જેવો અઠવાલાઈન્સનો દબદબો હતો.**